# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 23 • ISSUE : 04 • PAGES : 44 • MUMBAI • DATE : 20TH SEPTEMBER 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com











## પ્રખર પત્રકાર, તેજસ્વી તંત્રી અને સમર્થ સુકાની

## ઍડ. રાયચંદભાઈ રતનશી નાગડા (R.R.)



એક દાયકા સુધી આપશ્રીએ ''પ્રકાશ સમીક્ષા''નું તંત્રીપદ શોભાવ્યું અને
આપના તંદુરસ્ત વિચારો, યથાર્થ શબ્દો તથા તટસ્થ મુલ્યાંકન દ્વારા
જ્ઞાતિજનોના હૃદયમાં અનેરૂં સ્થાન પ્રાપ્ત કર્યું.
''પ્રકાશ સમીક્ષા''ની મુલ્યનિષ્ઠતા, નિયમિતતા તથા વિવિધતા માટે
સતત જાગૃત એવા આપશ્રીની વિદાયથી
''પ્રકાશ સમીક્ષા'' પરિવારને મોટી ખોટ પડી છે.

**આપના પરિવારજનો પ્રતિ ઊંડી સંવેદના પ્રગટ કરી
આપના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.**

ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## શ્રી રાયચંદ રતનશી નાગડા

**(R.R.) - નલીયા (પુના)**

B.Sc., LLB, Advocate High Court

જન્મ : તા. ૧૨-૦૧-૧૯૪૨
સ્વર્ગવાસ : તા. ૦૫-૦૯-૨૦૨૦

આપની કુનેહ, આપની કર્તવ્યનિષ્ઠા,
આપનું નિઃસ્વાર્થ માર્ગદર્શન,
આપની અવિસ્મરણીય વાતો,
આપના ઉમદા વિચારો,
આપનો માયાળુ સ્વભાવ અને સૌથી વિશેષ,
આપનો અપ્રતિમ કુટુંબ પ્રેમ સદાય
અમારા હૃદયમાં અમર બની રહેશે.
પરમાત્મા આપના દિવ્ય આત્માને
ત્વરીત મોક્ષ તરફ પ્રયાણ કરાવે એવી પ્રાર્થના.

**-: ઋણ સ્વિકાર :-**

અમારા સ્નેહી સ્વજન શ્રી રાયચંદ (R.R.) નાગડા ના દુઃખદ નિધન નિમિત્તે અમને રૂબરૂ, ફોન, વોટ્સએપ, ઇ-મેલ વગેરે માધ્યમો દ્વારા દિલસોજીના સંદેશા પાઠવી અમારા શોકમાં સહભાગી થવા બદ્દલ નાગડા, લોડાયા અને શાહ પરિવાર સૌ જ્ઞાતિજનો અને જ્ઞાતિ સંસ્થાઓનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે.

લી.

પત્ની : લીલા રાયચંદ નાગડા, પુના
પુત્ર : સ્વ. નિત્ય
પુત્રી-જમાઇ : ડૉ. દિપાલી યોગેશ શાહ, પુના
દોહિત્રી-દોહિત્ર : ત્રીશા, દક્ષ
માતા-પિતા : સ્વ. લક્ષ્મીબાઇ રતનશી ખેતશી નાગડા (કક્કા), નલીયા
સાસુ-સસરા : સ્વ. દેવકાંબાઇ ચાંપશી જેઠાભાઇ લોડાયા, અમલનેર-જખૌ અને પરિવાર
નાની-નાના : સ્વ. લીલબાઇ મુલજી ઠાકરશી લોડાયા (પીર), સુથરી અને પરિવાર
કાકી-કાકા : સ્વ. જમકુબાઇ ઉમરશી ખેતશી નાગડા, નાહુર
બહેન-બનેવી : જયા ધનજી કુંવરજી લોડાયા (અજાણી), બેંગલોર-કોઠારા
ભાભી-ભાઇ : સ્વ. ગુણવંતી/મણીલાલ રતનશી નાગડા, મુલુંડ
મીના હિરાચંદ રતનશી નાગડા, ભાંડુપ
ધનલક્ષ્મી કુલીન રતનશી નાગડા, ઘાટકોપર
ઉર્મિલા દિલીપ રતનશી નાગડા, ગોરેગામ
વેવાણ-વેવાઇ : આશાબેન ભારતભાઇ શાહ અને પરિવાર, પુના

ભત્રીજા : ગિરીશ મણીલાલ નાગડા, મુલુંડ
જીતેન હિરાચંદ નાગડા, દુબઇ
મીતેન હિરાચંદ નાગડા, અમેરીકા
મીહીર કુલીન નાગડા, ગોરેગામ
સચીન કુલીન નાગડા, ઘાટકોપર
મેહુલ દિલીપ નાગડા, ગોરેગામ
રીધમ દિલીપ નાગડા, અમેરીકા
ભાણેજ : કમલ ધનજી લોડાયા, બેંગલોર
અરવીંદ ધનજી લોડાયા, બેંગલોર
પિત્રાઇ ભાઇ: લહેરચંદ ઉમરશી નાગડા, નાહુર
- બહેન સ્વ. ખમા/દિનેશ મેઘજી મોમાયા, નાહુર-સાંયરા
સ્વ. તિલક ઉમરશી નાગડા
લક્ષ્મી નવિનચંદ્ર નથુભાઇ લાપસિયા, મુલુંડ-રંગપુર
મહેન્દ્ર ઉમરશી નાગડા, બોરીવલી
જયવંતી દિનેશ ધનજી મૈશેરી, ડોંબીવલી-સાંધાણ
સ્વ. કિશોર ઉમરશી નાગડા, વાપી

# ભાવપૂર્ણ વંદનાંજલિ

જ્યોતિષાચાર્ય – મંત્ર વિશારદ

પ.પૂ. આચાર્ય ભગવંત

## શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ



પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય
એવા આપનો ગુરૂ પ્રત્યેનો સમર્પણભાવ અને સ્નેહ
અચલગચ્છના શ્રાવકોમાં સદૈવ સ્મરણીય રહેશે.
આપ જ્યોતિષશાસ્ત્ર અને મંત્રશાસ્ત્રના અગાધ જ્ઞાનથી
ભાવિકોના હૃદયમાં હંમેશા ચિરંજીવ રહેશો.

આપનો સંયમી, જ્ઞાની તથા ઉચ્ચ આત્મા શીઘ્ર મોક્ષગામી બને
એવી પ્રાર્થના સહ આપના પાવન ચરણોમાં ભાવપૂર્ણ વંદનાંજલિ.

## પ્રકાશ સમીક્ષા સમિતિ

# !!! Atthai Tapasya Anumodana !!!

"Tapasya is an intense spiritual discipline which leads to the burning of stored karmas thereby paving the way of self purification"

With the divine blessings of their Grandparents
*Kalpana & Javerchand Karamsey Vikamsey*

**Dishita Nikhil Vikamsey (9 years)**



**Chaitanya Nikhil Vikamsey (12 years)**

have done their **"First Atthai Tap"**
(Paryushan 2020 - Coimbatore)

## Khub Khub Anumodana

**Great Grandparents family**
Kasturibai Karamsey Hirji Vikamsey, Jakhau
Dimubai Govindji Shivji Lodaya, Naliya

**Fui**
Bhavika Javerchand Vikamsey, Jakhau

**Nani - Nana**
Jayabai Pratap Shamji Dand, Suthari

**Mother - Father**
Meenal Nikhil Javerchand Vikamsey, Jakhau

# આંદરાંજલિ



## શ્રી તિલોકચંદ નરશી દંડ (ઉ.વ. ૭૬)

**(ગામ : વરાડીયા – હાલ : મલકાપુર)**

અરિહંત શરણ : તા. ૧૭/૦૯/૨૦૨૦

જ્યેષ્ઠ જ્ઞાતિરત્ન, મલકાપુરના મોભી, ગરીબોના બેલી
એવા આપશ્રીએ આજીવન જ્ઞાતિસેવાને પ્રાધાન્ય આપ્યું હતું.
શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમના માનનીય અધ્યક્ષ તરીકે
આપશ્રીએ બહુમુલ્ય સેવા આપી જીવનને સેવાની સુગંધથી સુવાસિત બનાવ્યું હતું.
આપની વિદાયથી ક.દ.ઓ. જ્ઞાતિ તથા અનેક જ્ઞાતિ સંસ્થાઓને મોટી ખોટ પડી છે.
પ્રકાશ સમીક્ષાએ પણ એક હિતચિંતક ગુમાવ્યો છે.

**આપના ઉચ્ચ આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના.**

## પ્રકાશ સમીક્ષા સમિતિ

## ભાવભરી શ્રધ્ધાંજલિ



**સ્વ. દિનેશ પદમશી લોડાયા** (ઉ.વ. ૭૧)

(ગામ : સાંયરા, હાલ : મુલુંડ)

જન્મ : તા. ૧૦/૧૨/૧૯૪૮

સ્વર્ગવાસ : તા. ૦૬/૦૯/૨૦૨૦

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી !
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી ?

સદાય હાસ્યમય જીવન જીવી આજે અચાનક વિદાય લીધી.
સ્પષ્ટવક્તા, શિસ્તપાલન, કાયદાકીય સૂઝબુઝ, આકર્ષક વ્યક્તિત્વ
અને મમતાળુ સ્વભાવ જેવા પંચરત્નોના આપ સ્વામી હતા.
શ્રી વાસુપૂજ્ય જિનાલય (મુલુંડ-વેસ્ટ)ના આપ અભિન્ન અંગ હતા.
આપ સાથે વીતાવેલી હરપળ અમારી માર્ગદર્શક બની રહેશે.
બસ ખોટ સાલસે આપના સાદની. આપ જ્યાં પણ હશો ત્યાંથી
અમારા પર આપના આર્શીવાદની ધોધમાર વર્ષા વરસશે
તેની ખાતરી સાથે પરમાત્માને પ્રાંજલ હસ્તે પ્રાર્થીએ છીએ કે
આપને નિજચરણમાં શાશ્વત શાંતિ અર્પે.

મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે?
મૃત્યુ પામે છે માનવી પોતે પણ તેના સત્કર્મો જીવે છે.

**શોકાતુર**

ધર્મપત્ની : **મધુરીબેન દિનેશ લોડાયા**

**માતુશ્રી સોનબાઈ વિશનજી દામજી મોમાયા પરિવારના જમાઈ** (વરાડીયા)

## ભાવભરી સ્મરણાંજલિ



**Shri Raichand Ratanshi Nagda (RR)**

B.Sc., LLB, Advocate High Court

I have lost my friend,
philosopher and guide
**Shri Raichand Ratanshi Nagda (RR)**
gone from my sight
but not from my heart.
Will always be in my prayers.
May god bless the noble soul
in eternal peace.

**- Hans B. Khimji,** Matunga

તંત્રી સ્થાનેથી

# શ્રી આર. આર. ભા



- ડૉ. હીરાચંદ દંડ - 7738508150

તા. ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ આપણે પ્રકાશ સમીક્ષાના સુપર સ્ટાર શ્રી આર. આર. નાગડા (શ્રી રાયચંદ રતનશી નાગડા)ને ગુમાવ્યા. તેઓ લાંબા સમયથી પ્રકાશ સમીક્ષાની કરોડરજ્જુ સમાન હતા અને તેઓ ૨૦૦૮ થી ૨૦૧૮ એમ દસ વર્ષ સુધી પ્રકાશ સમીક્ષાના તંત્રીપદે રહ્યા હતા.

શ્રી આર. આર. ભાનો જન્મ ૧૨ જાન્યુઆરી ૧૯૪૨ના શ્રીમતી લક્ષ્મીબેન રતનશી નાગડાને ત્યાં થયો. રાયચંદભાઈએ ક.દ.ઓ. જૈન વિદ્યાલય-મસ્જિદબંદર ખાતે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કર્યો અને ૧૯૫૯માં ડીસ્ટીંક્શન સાથે એસ.એસ.સી (ધોરણ ૧૧)ની પરીક્ષા પાસ કરી. ૧૯૬૩માં તેમણે એલ્ફીસ્ટન કોલેજમાંથી બી.એસ.સી. (વિજ્ઞાન)ની ડીગ્રી પ્રાપ્ત કરી. ત્યારબાદ ઈ.સ. ૧૯૭૩માં તેમણે ન્યુ લો કોલેજમાંથી કાયદાશાસ્ત્રની ડીગ્રી મેળવી. તેમણે તેમની કારકીર્દિનો પ્રારંભ બોમ્બે સિલ્ક મિલમાંથી કર્યો. ત્યારબાદ કોસન ગેસ કું તથા મુંબઈ સમાચારમાં કામ કર્યા પછી શ્રી અનંતનાથજી મહારાજ ટ્રસ્ટના સેક્રેટરી બન્યા. ત્યારપછી તેમણે વકીલ તરીકે કારકીર્દીનો પ્રારંભ કર્યો.

તેઓ જન્મજાત લેખક અને પત્રકાર હતા. તેઓએ વિદ્યાર્થીકાળમાં વિદ્યાર્થી સંઘના મેગેઝીન અર્પણમાં લખવાનો પ્રારંભ કર્યો. તેઓએ પ્રકાશ સમીક્ષાના ખૂબજ લોકપ્રિય વિભાગ 'શિશુ મહલ'નું લેખન સંપાદન અનેક વર્ષો સુધી કર્યું. તેમણે ૨૦૦૮માં પ્રકાશ સમીક્ષાના તંત્રીપદની જવાબદારી સંભાળી અને નીડરતાથી સાચા પત્રકાર તરીકે અનેક લેખો લખ્યા. વાચકો દર અઠવાડિયે તેમના તંત્રીલેખની રાહ જોતા અને તેઓ તેમની તેજીલી કલમ માટે જાણીતા હતા. તેમના તંત્રીલેખો તેઓ ખૂબજ માહિતી અને સંશોધન પછી લખતા અને તેમને જ્ઞાતિના પ્રશ્નો અને જરૂરતો વિશે ઉમદા જાણકારી હતી. તેઓ ખૂબજ જ્ઞાનવાન વ્યક્તિ હતા તથા ગુજરાતી ભાષા પરની તેમની પકડ લાજવાબ હતી. તેઓ જ્ઞાતિ હિત વિરૂધ્ધની દરેક બાબતોની ટીકા કરવામાં ક્યારે પણ ખચકાટ નહોતા અનુભવતા તથા અંગત સંબંધો કે પદને બાજુ ઉપર રાખીને પણ તેઓ ખોટા વ્યક્તિઓ માટે નિર્ભિકપણે લખતા ખચકાતા નહોતા.

મને આર.આર. ભા પાસેથી ઘણું શીખવા મળ્યું અને હજુ ઘણું શીખવાનું પણ હતું. એક સાચા સુકાની તરીકે તેમને તેમના દર્દ વિશે જાણકારી મળી ત્યારથી જ તેમણે પ્રકાશ સમીક્ષા માટે તેમના પછીની હરોળ ઉભી કરવા પ્રયત્નો કર્યા. તેમણે એડ. ઉદય લાલજી શાહ (લોડાયા)ની ઉર્જાને, કેસરસિંહ ખોનાની લેખનશક્તિ અને વ્યવસ્થાપન માટે મુકેશ ભવાનજી શાહ (લોડાયા)ને સાથે રાખી તંત્રી મંડળની રચના કરી. તેઓ ધીરે ધીરે પ્રકાશ સમીક્ષાની રોજબરોજની પ્રવૃત્તિથી પોતાને અલગ કરતા રહ્યા, છતાં પણ તેઓ માર્ગદર્શન તથા દિશાસૂચન માટે સદૈવ તત્પર રહેતા. તેમની તબિયત નાદુરસ્ત હોવા છતા પ્રકાશ સમીક્ષાની મીટીંગમાં અવશ્ય ભાગ લેતા.

તેઓ સાચા લડવૈયા હતા. તેઓ તેમના શારિરીક દર્દ સામે ઝઝુમ્યા અને લાંબા સમય સુધી

## આદ્યતંત્રીઓ

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
રાયચંદ રતનશી નાગડા    પંકજ પ્રતાપ શાહ
શરદ કાંતિલાલ શાહ (નાગડા)    શૈલેશ સનત્ શાહ
કેશરસિંહ આણંદજી ખોના    જયંત વિશનજી છેડા
તિલકચંદ કુંવરજી લોડાયા    મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ – ૨૩ અંક નં. ૦૪**
**Date : 20-09-2020**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E),
Mumbai - 400075.
Tel.: 022-2508 4463/64/65
E-mail : kdoprakash@gmail.com

**સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત**
**રવિવાર અને જાહેર રજાના બંધ**

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/2508 4464/2508 4465**
**Mob.: 98211 54326**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

પ્રવૃત્ત રહ્યા. તેઓ પુનાથી નિયમિત મુંબઈ આવતા અને તેમની વ્યવસાયિક જવાબદારીઓ નિભાવતા રહ્યા. તેઓ હંમેશા કહેતા કે મારામાં અતૂટ વિશ્વાસ મૂકનારા મારા અસીલોને મારે મળવું જ જોઈએ તથા તેમને ન્યાય અપાવી તેમના પ્રશ્નો ઉકલેવા માટે શ્રેષ્ઠ પ્રયત્નો કરવા જ જોઈએ.

મેં જ્યારે જ્યારે તેમના કાર્યાલયમાં તેમની મુલાકાત લીધી ત્યારે ત્યારે તેમનો પ્રશ્ન એ રહેતો કે તમે શું ખાશો ? તેઓ કહેતા કે હમણાં ઉપમા તાજો મળશે તો ઉપમા ખાઓ. તેઓ સૌ પ્રથમ 'પૂર્ણિમા' રેસ્ટોરંટમાં ચા-નાસ્તાનો ઓર્ડર આપતા પછી જ વાતચીતનો પ્રારંભ થતો. તેઓ ખૂબજ પરિશ્રમી વ્યક્તિ હતા. હું પ્રકાશ સમીક્ષાના કામ માટે તેમને તેમની ઓફિસમાં સવારે ૮.૩૦ના પણ મળ્યો છું અને ઘણી વાર રાત્રે ૮ વાગ્યે પણ મળ્યો છું.

તેમને તેમના મૃત્યુનો અહેસાસ થઈ ગયો હતો તેથી તેમણે વિપશ્યના કરવાનો પ્રારંભ કર્યો હતો. તેઓએ છેલ્લા બે મહિના દરમ્યાન ઈશા કુન્દનિકાની નવનીત સમર્પણમાં પ્રકાશિત આ કવિતા અનેકવાર વાંચી હતી...

હૃદયના
વધી રહેલા ધબકારાને
ધીરે ધીરે શમી જવા દો
ગતિ નાડીની
મંદ થવા દો
બંધ થવા દો
મને મૌનમાં સરી જવા દો
શાથી માન્યું ક્યાંક મને છે
ડર-ઉંબરને ઓળંગવાનો
અંધકારમાં ડૂબી જવાનો ?
હું તો ખૂબ રાજી છું
ઉત્સુકતાથી વાટ જોઉં છું
પ્રવાસ હવે પૂરો થયો છે;
યાત્રાનો આવ્યો છે અંત.
કશી ઉતાવળ નથી
હૃદયને રંજ નથી
રાહ જોઉં છુંઃ ઉંબર પરના
જીવન-મૃત્યુના આલિંગનની
અંતિમ પળની સુવર્ણ ક્ષણને
એની સંગે
જરીક મનને રમી લેવા દો
ધીરે ધીરે વિરમવા દો
વિરમી જવા દો
અજ્ઞાતના અદ્ભુત પ્રદેશમાં
સુખ-શાંતિથી વીંટળાઈને
મને જવા દો
તમને સહુને વહાલ ધરીને
હૃદયમાં સૌનો પ્રેમ ભરીને
આ સુંદર નભ પૃથ્વીને
વૃક્ષ પાંદ ઝરણાંને
સૂરજને ચાંદાને
છેલ્લી વેળા પ્રણામ કરી લઉં
'પરમ સમીપે' મને જવા દો
મહામૌનમાં સરી જવા દો
મહામૌનમાં સરી જવા દો

**-ઈશા-કુન્દનિકા**

તેઓ મૃત્યુના પગરવને પારખીને તેને આવકારી રહ્યા હતા, નવી યાત્રા માટે નવા વિશ્વ માટે તેઓ પોતાને તૈયાર કરી રહ્યા હતા. તેઓ રાજાની જેમ જીવ્યા અને સમ્રાટની જેમ મૃત્યુ પામ્યા.

આર.આર. ભા, અમને હમેશા તમારી ખોટ સાલશે. આપ હવે જ્યાં પણ હો ત્યાં ખુશ રહેજો....

## અતીતની અટારીએથી

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૩)''

સોમ ધરમશી
મો. 97267 76627



### સુજ્ઞ વાચકો - માફ કરજો

પ્રકાશ સમીક્ષાનાં ગતાંક અંક-૩ (દિનાંક ૦૫/૦૯/૨૦ના મારા લેખનાં બીજા ફકરામાં શરતચુકથી ''ઈ.સ. ૧૮૭૨ની આસપાસ'' લખાયું છે તે ઈ.સ. ૧૯૩૦ની આસપાસ આમ સુધારીને વાંચવું.

(ગતાંકથી ચાલુ..)

ગતાંકમાં લાંબા લચક લિસ્ટમાં વસ્તુઓ, સામ્રગીની ફક્ત ઝલક આપી છે. આખું લિસ્ટ લખવા બેશું તો પ્રકાશ સમીક્ષાનું એક આખું પાનું ભરાઈ જાય. પણ કેટલીક મહત્વની વસ્તુઓ, મુંબઈથી કચ્છ મંગાવામાં આવતી તેની નોંધ અહીંયા લઉં છું.

કચ્છમાં અમારા ઘરે બે પેટ્રોમેક્ષ રહેતી. ગામમાં વાર તહેવારે કે કોઈના ઘરે પ્રસંગ હોય તો એ પેટ્રોમેક્ષનો ઉપયોગ કરવામાં આવતો. એ પેટ્રોમેક્ષમાં મેન્ટલ લગાડવામાં આવતા. સારી ગુણવતાનાં મેન્ટલ કચ્છમાં મળતા નહીં તેથી દર વર્ષે લગભગ ૧૦ મેન્ટલની એક એવી ૧૦ ડબ્બી સામાન સાથે કચ્છ જતી.

કચ્છમાં દરરોજ રસોઈમાં બાજરાનાં રોટલા, અથાણું અને ખીચડી-કઢી-છાસ રહેતાં. આ બધું કચ્છમાં મળી રહેતું પણ તેમાં વાપરવાનાં મસાલા જેવાં કે મરચાં-જીરો-ધાણાનાં પાવડર અને ખાસ તો વનદેવી છાપ હિંગની ડબ્બીઓનો ૬ મહિનાનો જથ્થો મુંબઈથી જ જતો.

**લખમશી હમાલ :**

કચ્છ લઈ જવાનાં સંપેતરાઓનું કાળજીપૂર્વક એક જુદું લિસ્ટ બનતું અને એક જુદા કોથળામાં પેક કરાતું. કચ્છમાં વડિલો અને ગામાઈ ભાઈઓ માટે લઈ જવાના સામાનનું એક જુદું લિસ્ટ બનતું. કાચના સામાનની ખાસ કાળજી લઈ પેકીંગ કરવામાં આવતું. કોથળા પેક કરવા અને આગલા દિવસે જ તૈયાર કરવા મસ્જીદ બંદરથી આવી જતા લખમશી હમાલ અને તેમના એક થી બે સાથીઓ. આજે પણ એ ક.દ.ઓ. ભાઈનો ચહેરો યાદ છે પણ બાકીની વિગતો ભુલાઈ ગઈ છે.

લખમશીભાઈ બેઠી દડીનાં માણસ. નાક ઉપર ઢળતાં ચશ્મા. ઉંમર આશરે ૫૦ વર્ષ. માથા ઉપર પાછળના ભાગમાં ટાલ અને આજુબાજુ થોડા-થોડા ઉગી નિકળેલા વાળ. ''અસલ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા''ના "You Said" by Laxman માં આવતા સામાન્ય માણસની અદલ કોપી.

સાંજના ૮ વાગ્યાથી શરૂ થયેલ ''સાંભાઈ'' અડધી રાત્રી સુધી ચાલતી. નાસ્તાની ડિસો આવતી - બે થી ત્રણ વખત રસોડામાં સગડી ઉપર ''ચા'' ચડતી અને શિવાજી છાપ બિડીના ગોટેગોટા ઉડતા. આ સાંભાઈ કરાવવામાં મને ખુબ મજા પડતી પણ યેનકેન પ્રકારે મને દુર રાખવામાં આવતો.


એક તરફ કચ્છ લઈ જવાના સામાનનું પેકિંગ ચાલતું તો બીજી તરફ રસોડામાં મુસાફરી માટે ભાથું બનાવવાનો ઉપક્રમ ચાલતો. દેશી ઘીના મઘમઘતા પરોઠા, બટાકાનું કે કોબીનું શાક, મેથીના થેપલા, લીલા ધાણાની અને ખાનદેશી શિંગદાણાની ચટણીઓ, બે-ચાર પ્લાસ્ટીકની ડબ્બીમાં છુંદો, કટકી કેરી, મિક્ષ લીંબુના અથાણા, એક સ્ટીલના ડબ્બામાં દહીં જમાવી દેવામાં આવતું અને સાથે ફેણીયા કે ચુરમાનાં લાડુ તો હોય જ.

મને બરાબર યાદ છે કે હું નાનો હતો ત્યારે મારા માતૃશ્રી ''વાલામાં'' મારી પથારી પાસે હમેંશા લાડુનો ડબ્બો રાખતા. મને ઘણી વખત અડધી રાત્રે ભુખ લાગતી ત્યારે તેનો સદ્ઉપયોગ થતો. કદાચ સ્ટીમરની રાત્રી મુસાફરીમાં ભુખ લાગે તો..???

કચ્છ જવાનો બધો સામાન કોથળામાં પેક થઈ ગયા પછી લખમશીભાઈ હાથ ગાડી ઉપર ચારથી છ કોથળા, બેથી ત્રણ લોખંડની પેટીઓ લઈ જતા અને બીજા દિવસે સવારના ઘડિયાલ ગોદીમાં કચ્છ માંડવી જવા માટે તૈયાર ઉભેલ સરસ્વતી કે સાબરમતી સ્ટીમરના તુતક (Deck) ઉપર ગોઠવી અમારા માટે જગ્યા રોકી દેતા. તે જમાનામાં જગ્યાનું આરક્ષણ થતું નહીં, હમાલ જ જગ્યા રોકતા. (વધુ આવતા અંકે...)

# પરિવારના સ્નેહાળ સ્વજનને ભાવાંજલિ







## જીવન સંગિની ની શ્રધ્ધાંજલિ

મારી નજરે RR એટલે માનવતાના માનનિય પ્રતીનીધી. સ્પષ્ટવક્તા, કાબેલ સચોટ કાયદા નિષ્ણાત અને નીડર પત્રકારિતા એમની રગ રગમાં. એના લીધે ક્યારેક કોઇના મનદુ:ખનું કારણ પણ બનતા.

RR ને કોઇ પણ કામ સોંપ્યું તો ક્યારેય એમની ના નહોતી. કાર્યને દિલથી અંત સુધી પુર્ણતાને આરે તથા સમાનતાથી અંતિમ તબક્કા સુધી લઇ જનારૂં વ્યક્તિત્વ!

મિલનસાર, હસમુખા સ્વભાવને લીધે બધાના દિલમાં વસી જનારો બંદો.

આત્મજન હોય, ક્લાયંટ હોય, મિત્ર હોય યા અણગમતી વ્યક્તિ હોય, બધા માટે આદરભાવ અને પ્રેમભાવથી સરળતાથી એમની મુંઝવણ દૂર કરે એવો માણસ.

ઉત્તમ ગુરૂ, માર્ગદર્શક, સ્વમાની, સંતોષી, પરગજુ, પ્રેમાળ પતિ, પિતા, મિત્ર, નારીગણ માટે સંયમ, ઉદાર મન, વિચાર અને આચારનું પાલન કરતા એમણે તન, મન અને ધનથી સમયનું બંધન ન રાખતા. પોતાની નામના તથા પદની ક્યારેય આશા રાખી ન હતી. નિસ્વાર્થ જીવન જીવતાં જીવતાં પોતાના સ્વાસ્થની દરકાર ન કરી. છેલ્લા શ્વાસ સુધી સમતા અને શાંતિથી વ્યાધિનું અવલોકન કરતાં કરતાં. No Regrets, No Regrets કહેતા કહેતાં, જૈન ધર્મનું પારાયણ સાંભળતા સાંભળતા અંતે વિપસ્યનામાં સરી પડ્યા.

આવા અલગારી પુરૂષ મારા જીવનસાથી તરીકે મને મળ્યા એથી ધન્યતા અનુભવું છું.

બધા સગા-સંબંધી, મિત્ર ગણ, સહ કાર્યકર્તા - બધાને દિલથી નમન, આભાર અને મારા તથા RR ના મિચ્છામિ દુક્કડમ્.

**- લીલા રાયચંદ નાગડા**

## આત્મિય અનુજને સ્નેહાંજલિ

મારા સહોદર ભાઇની વિદાય મારા માટે વસમી છે. જેના જન્મથી જ મારો નાતો હતો એવા રાયચંદ સાથેની અનેક યાદો મનમાં ઉભરાય છે. જીવનની લંબાઇ એ ઈશ્વરના હાથની વાત છે, પરંતુ એને ઉંચાઇ આપવાનો પ્રયાસ મનુષ્યના હાથમાં છે. ભાઇ રાયચંદે આવો પ્રયત્ન કરી જીવનને અનેરી ગરિમા આપી હતી એનો મને ગર્વ છે.

મારાથી ઉમરમાં નાનો હોવા છતાં રાયચંદે મને જે રીતે સાથ આપ્યો, સાચવ્યો એ કદાપી નહિં ભુલી શકું. અમારા સમગ્ર પરિવારને ઉંચી ઓળખ આપનારો અમારો કુળદિપક નથી રહ્યો પણ એણે પ્રગટાવેલી જ્ઞાન જ્યોતથી અનેક દિવડાઓ કુટુંબને પ્રકાશિત કરતા રહેશે. રાયચંદનું તેજસ્વી વ્યક્તિત્વ મારી સ્મૃતિઓમાં અકબંધ રહેશે.

પરિવારના આ સ્નેહાળ સભ્ય અને આત્મિય અનુજને મારી ભાવપૂર્વક સ્નેહાંજલિ.

**- મણિલાલ રતનશી નાગડા,** મુલુંડ

## એક બહેનની શ્રધ્ધાંજલિ

મારા પાંચ વ્હાલા ભાઇઓ માંથી એક વ્હાલો ભાઇ, અનેક ગુણોથી ભરપુર, સહુના દિલમાં વસી જનાર, લાગણીની ડોરથી કુટુંબને એક સુત્રે બાંધનાર.

અંતિમ ક્ષણે મોતને સચેતનામાં ભેટનાર, જતાં જતાં સર્વે જનોને મિચ્છામિ દુક્કડમ્ કરી, ધાર્મિક સુવચનો સાંભળી, શાંતિપૂર્વક વિદાય લેનાર ભાઇ રાયચંદને નતમસ્તક વંદન.

**- લાડકી બહેન જયા ધનજી લોડાયા**











# પરિવારના સ્નેહાળ સ્વજનને ભાવાંજલિ

### મારા ભાઇ, રાયચંદભાઇ

રાયચંદભાઇ મને પ્રેમથી ''હીરાભા'' કહીને સંબોધતા અને હું તેમનો નાનો ભાઇ હોવા છતાં તેઓ મને મોટા ભાઈ તરીકે માન આપતા.

અમારા પિતાશ્રીના અવસાન બાદ અમે બધા નાના ભાઇઓ માટે તેઓ પિતાતુલ્ય ભૂમિકા ભજવતા. અમને જ્યારે જ્યારે એમની સલાહની કે અન્ય કોઇ પણ જરૂર પડી ત્યારે તેમણે લેશમાત્ર પણ પીછેહટ કરી ન હતી. ''કુટુંબ મારા માટે શું કરી શકે ?'' તેનાથી વિપરીત 'હું કુટુંબ માટે શું કરી શકું ?' એવું તેઓ હંમેશા વિચારતા અને નિઃસ્વાર્થ ભાવે કરી છુટતા.

રાયચંદભાઇના વિચારો, એમના સદ્‌ગુણો અને એમના મુલ્યોનું અનુકરણ એજ અમારી એવો ઉત્તમ શ્રધ્ધાંજલિ.

**– હીરાચંદ આર. નાગડા,** ભાંડુપ

### રાયચંદભાઇના કુટુંબ પ્રેમ, સદ્‌ભાવના અને નિસ્વાર્થ ત્યાગ

રાયચંદભાઇ સ્વભાવે માયાળુ તો હતા જ. પણ કોઇ પણ વ્યક્તિ – કુટુંબની કે અન્ય – એમની પાસે સલાહ યા નિરાકરણ માટે જતી તો તેમને શાંતિથી સાચી સલાહ આપતા. જો એ વ્યક્તિ ખોટી હોય અને ભૂલ કરતી હોય તો તેને પણ સમજાવીને સાચું માર્ગદર્શન આપતા.

કુટુંબની દરેક વ્યક્તિ જીવનમાં આગળ ને આગળ પ્રગતિ કરે તે માટે તેઓ સદાય તત્પર રહેતા અને સાથે સાથે નિઃસ્વાર્થ ભાવે ત્યાગ પણ કરતા હતા.

**– કુલીન આર. નાગડા**

### અમારા કેપ્ટન

અમારા કુટુંબમાં વડીલો (માતા-પીતા)ની વિદાય બાદ છેલ્લા ૩૦-૩૫ વરસથી રાયચંદભાઇએ કેપ્ટનનો રોલ અદા કર્યો. અને કેપ્ટન એટલેજ કેવા કેપ્ટન ? જે વ્યવહારૂ જીવનના હરેક પહેલુમાં નિપુણ હતા, માર્ગદર્શક હતા, અને મદદ કરવા તત્પર હતા! નાના-મોટા બધા પર એમની પ્રેમાળ નજર અંત સુધી રહી. અને જ્યારે પાંચ ભાઇ અને એક બહેનની ટીમમાંથી કેપ્ટન પોતે પ્રથમ વિદાય લઇ લે ત્યારે એનાથી મોટી ખોટ શી કોઇ શકે ? ખેર, હવે અમે સૌ, એક બીજામાં વસેલા, એમના થોડા થોડા ગુણોનો સરવાળો કરીને ખોટ ભરપાઇ કરવા પ્રવાસ કરીએ એજ સાચી શ્રધ્ધાંજલિ.

**– દિલીપ આર. નાગડા**

### A Tribute to Raichand Kaka

A Beautiful soul is never forgotten. A True Friend, Philosopher and Guide Will Forever miss his warmth, Love and affection. Always stood by us like a wall and Guided us in our difficult Times.

With his passing away, It is a Great Personal loss of a parental Figure. The void can not be filled. Om Shanti

**- Charu & Girish M. Nagda, Mulund**

**રાયચંદભાઈની એક ખાસિયત હતી કે તેમના જન્મ દિવસે તેઓ અમને બધા કુટુંબીજનોને સામેથી વારાફરતી ફોન કરીને આશીર્વાદ અને શુભેચ્છાઓ આપતા અને પછી જ અમારા અભિનંદન અને શુભેચ્છાઓ સ્વિકારતા.!!!!**

# પ્રકાશ સમીક્ષાના માજી સુત્રધારને સ્મરણાંજલિ

Before few years ago I got call from R R bha inviting me to join prakash Samiksha committee and I politely denied but he persuaded me. He taught me basic things about journalism and importance of prakash samiksha for our community. He was my friend, philosopher & guide not only for prakash Samiksha but for many other things also. I will always miss you R R bha.

**- Dr. Hirachand Dand**



These are the words just poured out of my heart and I would like to offer as my Shraddhanjali to my closest friend in the world...
RR Mere Yaar...
For me you will always be a shining star,
Every day I will think of you and watch you from afar,
And say…
People may think he is afar,
But, look into my heart, he is always there… My STAR.

**- (Suryakant Raichand Shoney)**
**Sury, USA**

મિલનસાર સ્વભાવ, સફળ વકીલ, નિષ્પક્ષ તંત્રી (પ્રકાશ સમીક્ષા) – શ્રી રાયચંદભાઇની કારકિર્દીનો ગ્રાફ હમેશા ઉર્ધ્વ ગતિ કરતો રહ્યો. સુધારક દ્રષ્ટિ, આધુનિક વિચારધારા, હૈયે સમાજ કલ્યાણ,સાહિત્ય પ્રત્યે રૂચિ – આમ એમનું વ્યક્તિત્વ વિવિધ રંગોમાં નિખરતું રહ્યું.

માંદગીને પણ તેમણે લડત આપી હંફાવી. વિદાય વેળાની આખરી ક્ષણોમાં તેઓ વિપસ્યના ધ્યાનમાં ચાલ્યા ગયા, ચહેરા પર શાંતિ અને ચિત સજગ. આવું જવલ્લે જનજરે પડે છે. એમની ગેરહાજરીનું દુખ સાલશે.

રાયચંદભાઇની યાદમાં બે પંક્તિઓ

Childhood mate departs, A long shadow casts
Seventy went like seven, Flew in a class apart

**– માણેકજી લોડાયા,** પુના

Raichandbhai.We were friends for 70 years. He was intelligent, commited to cause, love for our Ghnati, excellent command over Gujarati language, true friend, able editor of Prakash Ghnati Joyat and competent Lawyer. Smile was a. permeant part of his face. We both were interested in Gujarati poetry. He lived his life. He had no regrets .Om Shanti

**- Solicitor Bankim khona**

'Ram Ram' to dear R.R. His departure is a personal loss to me. Community has lost a dedicated and sincere intellectual and a writer par excellence in Gujarati.
During my posting at Mumbai, my contact with him became frequent. Many meetings were held in his office when Shri Sanat Shah, Jayant Chheda and myself were discussing and finalising the programme of making Prakash Samiksha a weekly. Running a weekly with the same staff was a Herculean task. He, as an editor, did it till his innings ended as an editor. Topics of our discussions, on phone or otherwise, always were about the community. His writing style needs lots of guts.

As per his career graph it is evident that he was self-made man and a person who valued his value system dearly.

After his retirement we used to teletalk ocassionaly, subject to his health permitting. The sand has trickled down his hour glass. Is the beach the end of the ocean or the beginning of land? The holy soul of my erudite advocate will find its rightful place of peace wherever it is.

**- Tilakchand kl**

# પ્રકાશ સમીક્ષાના માજી સુત્રધારને સ્મરણાંજલિ

**રાયચંદથી રા....**

શ્રી હરીન્દ્ર દવે, ગુજરાતી સાહિત્યના નામાંકિત કવિ અને પત્રકારે, તારીખ ૫ માર્ચ ૧૯૯૫ના ''પ્રવાસી''માં લખ્યું હતું કે, ''મૃત્યુની સાવ લગોલગના અનુભવમાંથી પસાર થઇ રહ્યો છું. થોડા સમય પછી જ્યારે આ અનુભવોનો પ્રદેશ પાર થઇ જશે ત્યારે આ પાર હોઇશ કે પેલે પાર એની જાણ નથી''.

છેલ્લા કેટલાક વખતથી આર.આર. લગભગ આ સ્થિતિમાંથી પસાર થઇ રહ્યા હતા. એમની સાથે આ દરમ્યાન થયેલી વાતચીતથી, એમની પરિસ્થિતિનો સામેવાળાને અંદાજ આવી ન જાય, એ વાત એમણે બહુ જ ખુબીથી સાચવી. આ પ્રકારની માનસિક સજ્જતા કેળવવી એક દુર્ગમ કામ છે. એમની પેલે પારની સફર શાંતિ અને સુખથી ભરેલી હોય એવી આશા રાખીએ.

રાયચંદભાઇની પ્રકાશ સમીક્ષા જોડેની સફર શરૂ થઇ ૨૦૦૦-૨૦૦૧ની આસપાસ જ્યારે પ્રકાશ સમીક્ષા ને અઠવાડીક કરવાના પ્રયાસ શરૂ થયા. એ પ્રયાસનું એક અગત્યનું અંગ આર.આર. હતા. એ માટેની બેઠકો લગભગ એમની ફોર્ટની ઓફિસે થતી અને અમુક સનત્ ભાઇ ની ઓફિસે. છેવટે એ પ્રયાસ સફળ થયાં.

૨૦૦૮ થી ૨૦૧૮ સુધી એમણે પ્રકાશ સમીક્ષાનું તંત્રીપદ સંભાળ્યું. આ દસ વર્ષમાં દર અઠવાડીએ મેગેઝીન કાઢવું, સહેલું નથી, ખાસ કરીને જ્યારે પ્રીન્ટીંગ અને પબ્લીસીંગ તમારો વ્યવસાય ન હોય ત્યારે - આ કામ તેમણે લગભગ એકલે હાથે (ચંપક જીવાણી અને ચંદ્રસેનભાઇ ના અપવાદ સિવાય) કર્યું અને ખૂબ ખૂબીથી કર્યું.

એમની કલમ નીડર અને સ્પષ્ટ હતી. તંત્રીની શી ફરજ હોય એ બાબત તેઓ ખૂબજ સ્પષ્ટ હતા. દરેક તંત્રીલેખ, પૂરતી તપાસ અને સંશોધન કરીને લખતા અને એક જ વાતનું ધ્યાન રાખતા કે આ જ્ઞાતિ હિતમાં છે કે નહીં. પછી ભલેને તેનાથી સ્થાપિત હિતો ખીજાય અને તેઓ ખીજાતાજ. આર.આર. ને આ બાબતની પરવા ન હતી. અને આમ છતાં, આર.આર. ખૂબજ લોકપ્રિય હતા. એનો અંદાજ તમે આર.આર. સાથે કોઇ જ્ઞાતિનું ફંક્શન એટેન્ડ કરો એટલે આવી જ જાય - આવા સમયે તેઓ પોતાના બધા સૈધ્ધાંતિક મતભેદો ભૂલી જઇ બહુ ઉમળકાથી બધાને મળતા.

આપણી જ્ઞાતિ, સંખ્યામાં નાની છે એટલે સંસ્થાના હોદેદારોમાંથી કોઇને કોઇ તો તમારૂ સગું કે મિત્ર હોવાનું જ - તે છતાં ફક્ત જ્ઞાતિ હિત ને સામે રાખીને સત્યને એના ચોખ્ખા સ્વરૂપમાં પ્રકટ કરવુ જોઇએ, એમ તેઓ માનતા અને કરતા પણ. અને કદાચ એટલા માટે જ, એમના તંત્રીપદ દરમ્યાન એમણે ક્યારે પણ પ્રકાશ સમીક્ષા સીવાય બીજી કોઇ સંસ્થાની જવાબદારી સ્વીકારી નહીં. નહીં તો ક્યારે પોતે જ પોતાની ટીકા કરવી પડે એ ડર હશે કદાચ ! અને એવું નથી કે એમને આ બાબત વિનંતીઓ નહોતી કરાઇ.

તંત્રીની જવાબદારી અને ફરજ વિષે એમની સાથે જ્યારે જ્યારે ચર્ચાઓ થઇ, ત્યારે ત્યારે તેઓ કહેતા કે, તંત્રીનું કામ છે કે સંસ્થાઓને, તેઓ ક્યાં ભૂલ કરી રહ્યા છે તે બતાવવાનું, નહીં કે ફેન્સ પર બેસીને, નરો વા કુંજરો વા કરવાનું. આપણો દરેક જ્ઞાતિજન રાજકારણ સમજે છે અને એને દરેક વિષયના બધા પાસા સમજવામાં રસ નથી. એને રસ છે, સાચી દિશા શું છે એમાં. અને એનો તંત્રીમાં વિશ્વાસ એવો હોવો જોઇએ કે આ ટીકા પાછળ તંત્રીનો કોઇ વ્યક્તિગત સ્વાર્થ કે એજન્ડા નહીં હોય. આર. આર. ને જ્ઞાતિજનોની પરિપક્વતામાં સંપૂર્ણ વિશ્વાસ હતો અને જ્ઞાતિને આર.આર. ની નિષ્પક્ષતા ઉપર. દરેક સ્થાપિત હીતને કોઇકનો તો ખૌફ હોવા જ જોઇએ અને એ ખૌફ એમના સમય દરમ્યાન હતો, એ હકીકત હતી.

અત્યંત સ્પષ્ટ અને આઉટ ઓફ બોક્સ વિચારો અને ભાષા પર પ્રભુત્વ એમની વિશેષતા હતી - શબ્દો નો બગાડ ન કરવો એ એમના વ્યવસાયની દેન હતી - જ્ઞાતિના પત્રકારીત્વને તેઓ એવા ક્ષેત્રમાં લઇ ગયા, જ્યાં અત્યાર સુધી કોઇ ગયું નથી અને કદાચ જશે પણ નહીં - અનંત છાયાના પ્રકરણમાં તેમણે ખૂદ એક પક્ષકાર તરીકે પોતાને સાંભળવા માટે અરજી કરી હતી.

આ વર્ષો દરમ્યાન એમણે એક અદભૂત નેટવર્ક ઉભુ કરેલ "Informers" નું. સંસ્થાઓની બંધબારણા પાછળની વાતોના એમને નિયમિત અહેવાલો મળતા રહેતા અને આ બાબત તેઓ ફક્ત તંત્રી જ ન હતા પણ ક્યારેક Investigator પણ બની જતા.

પ્રકાશ સમીક્ષાના હીત વિષે એટલી હદ સુધી સભાન કે જ્યારે પોતાની બીમારી વિષે ખ્યાલ આપ્યો ત્યારે હીરાચંદભાઇ (વર્તમાન તંત્રી) ને મહા મહેનતે સમજાવીને અને તંત્રી થવા મનાવ્યા. આજે પરિસ્થિતિ એ છે કે, હીરાચંદભાઇ ખૂબજ કાબેલીયત અને સમજથી સુકાન સંભાળી રહ્યા છે. એ વાતનો આર.આર. ને ખૂબજ સંતોષ અને આનંદ હતો.

આર.આર. ને એ વાતનો પણ આનંદ હશે કે એમના અવસાનના સમાચાર પ્રકાશ સમીક્ષાના એ અંકમાં છપાયા જેમાં સનત્ ભાઇની તેરમી પૂણ્યતિથિની અંજલિ છપાઇ. એમ લાગ્યું કે જાણે ગુરૂ અને શિષ્ય એકબીજાને અંજલિ આપી રહ્યા હોય.

**- એડ. શૈલેષ શાહ,**
પૂર્વ તંત્રી - પ્રકાશ સમીક્ષા

# પ્રેમાળ પિતાને પુષ્પાંજલિ

## દિપાલીની અર્ચના

બાયા અને દિવાળી એમ સદા મને પુકારતા મારા પપ્પા અને તમારા પ્રિય આર.આર. હવે શાશ્વત મૌનમાં ચાલ્યા ગયા છે અને મને સૂનમૂન કરી ગયા છે. એમની વાતો અને વિચારો આજીવન મને સાંભરતી રહેશે. થોડી વાતો અહીં સંઘરી લેવાના પ્રયત્ન કરીશ.

પપ્પા મારા માટે પ્રેમ અને હૂંફના સાગર હતા. જ્ઞાતિજનો, એ પણ અનુભવ્યુ હશે જ. એમની યાદો શિયાળામા અગ્નિ જેવી હૂંફાળવી સદૈવ બની રહેશે. એમણે મને મારી મેળે ઉડવાનું બળ આપ્યું અને જ્યારે જ્યારે જોઇતુ હતું ત્યારે એમનો ખંભીર ટેકો પણ મળી રહેતો. મમ્મી ને તો રોજ પગે પડતા. મારા ખારકો અને પતિને અટલ પ્રેમ અને વહાલ આપ્યો.

અમે બન્ને ટાઇમ્સ ઑફ ઇન્ડિયા નો એડોટેરીયલ પેજ, નવનીત સમર્પણ એકબીજા સાથે વાંચતા. ફિલોસોફીમાં મારી રૂચી એમની દેન છે. ગુજરાતી સાહિત્યનું મારૂં વધારે વાંચન નથી પણ ચંદ્રકાંત બક્ષી, કુંદનીકા કાપડીયા અને અન્ય સાહિત્યકારોના ક્લીપીંગ એ મારી સાથે શેર કરતા અને અમે સરસ મજાનું ડિક્સશન કરતા. તેઓ સંસ્કૃત મને શિખવતા.

હિન્દી ફિલ્મો, ગીતો અમે માણતા. અર્થ અનુવાદ અને સંગીતમાં સાથે ખોવાઇ જતા. છેલ્લા દિવસોમાં એમને પ્રિય ગીત, અમર ફિલ્મ નો, વાચકો, શેર કરૂં છું.

मायूस न हो हार के तकदीर की बाजी
प्यारा है वोह घर्म जिसमें हो भगवान भी राजी...
ये सोच ले हर बात की दाता को खबर है
हिम्मत है तो आ जा, ये भलाई की डगर है ।

નસીબે એમની વારંવાર કસોટી લીધી પણ બધી કસોટીમાં પપ્પા ખરા ઉતર્યા. સતેજ ચેહરો, નિખાલસ અને સંતોષી સ્વભાવ, સદા સમતા રાખનારા તમારા આર.આર. માં ઈર્ષ્યાનો એક કણ નહોતો. સગાં કે સંબંધીના વૈભવની વાત કરતી વખતે ખૂબજ ખુશી અને અભિમાન હમેશા છલકાતો. સાથેજ બીજાના દુઃખ દર્દ જાણી દિલમાં જરૂર પ્રવેશ મેળવી લેતા. ચાની ચૂસ્કી અને દોસ્તોની મેહફિલમાં સદા સ્વર્ગ અનુભવતા. પ્રકાશ સમીક્ષા એમના જીવનનો અવિભાજ્ય અંગ રહેશે.

કોવીડના લીધે લોકડાઉનમાં વિપસ્યના ના ગુરુજી



ગોયંકાજીના આર્શીવાદ અને શીવજીભાઇ સાથે કરેલા સભ્યાસને ચરમ સીમા પર લઇ ગયા. કોઇ પ્રકારનું બંધન નહોતુ, કોઇ ચિંતા નહોતી. જિંદગીમાં આગળ શું હશે એ જાણવાની ઇચ્છા કોઇ દિવસ કરીજ નહીં.


જીવનની હરીફાઇમાં તો આગળ હતા જ પણ મોતને તો જાણે ક્ષિતિજને આંબી ગયા. એમની વિદાય પણ મૈત્રી ભરી રહી. જીવનમાં મંથન કરી નવનીત મેળવી ગયા. આવા સંસારી સાધુ મારા વડીલે મારૂં જીવન સાર્થક કર્યું છે.

### Papa dear you are a complete man

Socially illustrious and holding an impressive profession, Keeping company of good men, always being humane, Having a lions heart and simultaneously many a song of Mukesh you churn, Being a prolific writer and gifting us many a composition, Having given us your affection n blessings, you are an adorable family man, At present you are enjoying and leading a fruitful vacation. Sitting back and enjoying the breeze that astounds and the squirrels that run by, The chirpy sparrows and the vibrant parrots that by the windows fly by, You are the tree that is standing but still but spreading its roots under the ground. You impersonate the Buddha, watching everything around without making a sound, In this busy world you are busy finding the stillness, A fore bringer of peaceful mind, contentment and celestial oneness, Expanding your answers to nirvana, some of which you have already found. Let the soothing sun rays enlighten your soul, In this nothingness thus gained you fill your nirvana bowl, Having taken everything in your stride, Nothing is impossible for you, for in the soul you can dive, You have given enough to the world, in yourself you shall enjoy to live, With the blessings of Maa Saraswati, you have shown fatality how to live.

**- Deepali Yogesh Shah**

# પ્રકાશ સમીક્ષાના માજી સુત્રધારને સ્મરણાંજલિ



**શ્રી આર. આર. નાગડા**
**સ્મરણાંજલિ**

દોસ્ત આપણે મિત્રો જ્યારે પણ મળતા ત્યારે મોડી રાત સુધી મેળાવડો કરતા ત્યારે તું હમેશાં મને કહેતો કે આપણા આ મેળાવડામાંથી મને જે આનંદ અને ઉર્જા મળે છે તેની સામે આ ઉજાગરો કાંઇ પણ નથી.

દોસ્ત તને મીઠાઇ ખાવાનો ભારે શોખ અને એવીજ મિઠાસ તારા જીવનમા ભરપૂર હતી. દોસ્ત તું હમેશા સકારાત્મક વિચારો સાથે જીવ્યો, સમાજ માટે કંઇક કરવાની તારી ભાવનાને ખરેખર દાદ દેવી પડે.

મક્કમ અને પ્રબળ મનોબળ સાથે જીવલેણ માંદગી સામે પણ તેં જબરદસ્ત લડત આપી. દોસ્ત તેં માનનીય શ્રી સનતભાઇની નિષ્પક્ષ તંત્રી તરીકેની વિચારધારાને આગળ વધારી કારણ નિષ્પક્ષતા તારા જીવનનું એક અંગ હતું. દોસ્ત મેરે વિનય, સંસ્કાર, દુરદર્શિતા ઔર દોસ્તી નિભાના તેરે જીવનકા એક અમૂલ્ય અંગ થા.

દોસ્ત મેરે તુને એક કીમતી ઔર અનમોલ હિરેકી તરહ સભી રિસ્તે નિભાયે

દોસ્ત મેરે તેરી અલવિદા હમ સભી જીવનભર ભૂલ ન પાયેંગે.

– **વીરચંદ રતનશી મૈશેરી,** (ઘાટકોપર, મુંબઇ)

**RR - Legend of Editorship...**

શ્રી સનત શાહ ના ખાલીપાને ભરનાર, સક્ષમ તંત્રી, વ્યવસાયે વકીલ, શ્રી રાયચંદભાઈ જેમને પ્રેમથી આર.આર અને તંત્રી લેખ નાં અંતમાં ''ર'' થી પૂરૂં કરનાર, એમણે જે રીતે પ્રકાશ સમીક્ષાને સાચવ્યું, આગળ વધાર્યું અને જ્ઞાતિની પ્રત્યેનો પ્રેમ પોતાના લેખનથી લખીને તંત્રીલેખ લખતા. એક સરસ પ્રતિભા છોડી આપણા બધાની વચ્ચેથી વિદાય લઈ લીધી. આપણે એમને ખૂબ ખૂબ યાદ રાખશું. સર જ્યાં પણ હોય ત્યાં સુખેથી રહે અને પ્રેમ વરસાવતા રહે..

– **કિરીટ શાહ (મુનવર)**

**શ્રદ્ધેય રાયચંદભાઈને**
**શ્રધ્ધાંજલિ**

તમારા ઈકોસિસ્ટમ કે વિશ્વમાં કોઈ વ્યકિતનો પ્રવેશ અને એની વિદાય એક અવર્ણનીય ગુણધર્મ ઇન્જેક્ટ કરે છે. મને ચોક્કસ તારીખ કે વર્ષ યાદ નથી પણ પરમ આદરણીય એડવોકેટ રાયચંદભાઈને પહેલી વાર મળ્યો. ત્યારે એમણે એક જ સવાલ કરેલો. પ્રકાશ સમીક્ષાને કઈ રીતે ઉપયોગી થશો?એ જ મારો ઇન્ટરવ્યુ.

હું એકદમ જુનિયર, એટલે બોલવામાં થોડો સંકોચ રહેતો. એ ગ્રંથી તોડી ધીરે ધીરે પરિચય વધતાં રાયચંદ ભાઇના જ્ઞાતિ પ્રેમ અને પ્રકાશ સમીક્ષાના વિકાસની ખેવનાનો પરિચય થયો. બન્ને બાબતે એ ખૂબ જ આગ્રહી. જ્ઞાતિની ખૂબીઓ અને સમસ્યાઓ વિશે ચર્ચાઓ થતી એમાં રાયચંદભાઈની જ્ઞાતિની સમસ્યાઓ અને જરૂરતો વિશેની સમજનું ઊંડાણ ઘણા ઓછા લોકોમાં જોવા મળે છે.

એમના વિચાર અને વાણી મન મગજમાં ધુમરાયા કરે છે, સદા જીવંત રહેશે, એ જ મારા વિશ્વ પર એમની અમિટ અસર. પ્રિય આર.આર. તમે સદા અમારા માર્ગદર્શક રહેશો. એમના વિચારો અને સિદ્ધાંત અટલ માર્ગદર્શક રહેશે.

આપના જવાથી જ્ઞાતિ અને ખાસ કરીને પ્રકાશ સમીક્ષાને પડેલી ખોટ પૂરવી મુશ્કેલ છે. અમારા આદરણીય દિવંગત તંત્રીશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.


– **કેસરસિંહ ખોના**

**રાયચંદભાઇને શ્રધ્ધાંજલિ**

છલોછલ જ્ઞાતિ દાજ અને જ્ઞાતિની દીવાદાંડી સમાન વ્યક્તિ, હસતો ચહેરો, રમુજી સ્વભાવ અને જ્ઞાતિ માટે યોગ્ય લાગે તે બેધડક કહેવું અને લખવું. તંત્રીલેખો અને બીજા સમાચારોમાં સાચી વસ્તુસ્થિતિની ચોક્કસાઇ કરીને લખનારા અને પ્રકાશ સમીક્ષા દ્વારા ક.દ.ઓ. જ્ઞાતિની ખુમારી અકબંધ રાખી એવા શ્રી રાયચંદભાઇને સો સો સલામ. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

– **ઍડ. ઉદયન શાહ (લોડાયા)**

# પ્રકાશ સમીક્ષાના માજી સુત્રધારને સ્મરણાંજલિ



### શ્રદ્ધા સુમન

એક સુંગંધિત ફૂલ મુરઝાઈ ગયું ને મૂકી ગયું સુવાસ,
જિંદગી જીવતા શીખવાડે એવી તો વાત એમની હતી ખાસ,
દલીલો કરે પણ નિષ્કર્ષ આપે એવા, કે જીતી લે વિશ્વાસ,
જ્ઞાતિ ઉત્કર્ષમાં સદા અવ્વલ ને પ્રેરણાનો હતો એક જળહળતો પ્રકાશ એડવોકેટ શ્રી આર.આર. નાગડા

સંપૂર્ણ જીવન જેમનું પ્રેરણાત્મક, અભિગમ સદાય હકારાત્મક, એક પુરાણો નાતો જેમની સાથે, અતૂટ સંબંધ રહ્યો જેમની સાથે, વાતો માં જીતવાની અને હારવાની મજા જેમની સાથે, નીડર અને સદા સારા કામમાં હિમાયતી, વ્યવસાયમાં એડવોકેટ હોય ને દલીલ કરવી સ્વાભાવિક જ હોય પણ દલીલોની તર્ક વિતર્ક કરવાની કળા એ પણ જેમની ખાસ હોયે એવા એડવોકેટ શ્રી આર.આર.નાગડાનું સંપૂર્ણ જીવન એક પાઠશાળા સમાન હતું. એવા આ સદ્ગત આત્માને પરમાત્મા મોક્ષગામી બનાવે, શાતા આપે એ જ પ્રાર્થના સાથે હૃદયના શ્રદ્ધા સુમન.

– શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

**નયન અશોક ભેદા,** પ્રમુખશ્રી

### શ્રી રાયચંદ નાગડા (આર.આર.)ને શ્રધ્ધાંજલિ

માનનીય એકવોકટ શ્રી રાયચંદ રતનશી નાગડા (આર.આર.) ઉ. વર્ષ ૭૮,તા. ૫-૯-૨૦૨૦ના પુના મુકામે અરિહંત શરણ પામેલ છે તે જાણી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ માટે તો જાણે વડલાની છાયા ગુમાવેલ છે એવી દુઃખદ ક્ષણો આવી છે. શ્રી રાયચંદભાઇએ આપણા જ્ઞાતિપત્ર પ્રકાશ સમીક્ષાના તંત્રી તરીકે અને વિવિધ સામાજીક પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહ્યા સાથે સાથે શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ માટે સદાય શુભચિંતક અને માર્ગદર્શક રહ્યા છે. અમે એમની વડીલ છાયા ગુમાવી છે.

પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવંગત આત્મા ને મોક્ષગામી બનાવે અને આ પરિવાર ને આ દુઃખદ ક્ષણ જીરવવાની શક્તિ પ્રદાન કરે એવી પ્રાર્થના સહ વંદન.

**– શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ**

**જયેશ ભાગચંદ જૈન** (અધ્યક્ષ)

### આદરાંજલિ...સ્મરણાંજલિ
### દિલોજાન મિત્ર કરતાં પણ વિશેષ એવા પ્રસન્ન મૂર્તિ રાયચંદભાઈને

ચાર ચાર દાયકાની મજલનો અમારો સાથ, એ મિત્ર, માર્ગદર્શક અને ઉપદેશક એવા એક જ શરીરમાં વિવિધ વ્યક્તિત્વ ધરાવનારા જો કોઈ હોય તો મારા પ્રિય મિત્ર, ભાઈ સખા, સ્નેહી અને સંકટ સમયની સાંકળ જેવા અવિસ્મરણીય રાયચંદભાઈ, પ્રેમાળ, હેતાળ, કડક, નિયમો અને કાયદાના ચુસ્ત પાલનના આગ્રહી, છતાં જીવનના દરેક સારા માઠા પ્રસંગોના રાહબર બિરબલ જેવા બુદ્ધિમાન, કોઈ પણ પરિસ્થિતિનો ડર્યા વગર કે મૂંઝાયા વગર સામનો કરનારા વિકટ સંજોગોમાં ધૈર્યથી રસ્તો માર્ગ કાઢનારા વૈવિધ્યપૂર્ણ વ્યક્તિત્વ ધરાવનાર, કાર્યાલયમાં કામને બારીકાઈથી ચીવટપૂર્વક અભ્યાસ કરનારા શાંત અને પ્રસન્નચિત્તે કેસની તૈયારી કરનારા કોર્ટમાં મક્કમતાથી અને બુલંદ અવાજથી પોતાની બાજુની રજૂઆત અને મુદ્દાઓ ન્યાયાધીશોને ગળે ઉતારનારા, પ્રતિસ્પર્ધીને હંમેશા ઉંચાટ, ટેન્શન અને ચિંતામાં રાખનારા, પણ સહૃદયી, મિલનસાર અને ક્યારેક સામેવાળાને પણ મદદકર્તા થઈ, પારકાનું હિત જાળવી દિલ જીતનારા નાના-મોટા દરેકનો પ્રેમ જીતનારા.

આવું જ સાહિત્યિક ક્ષેત્રે, જ્ઞાતિની પત્રિકાનું ઘણા વર્ષોથી સફળતાપૂર્વક સંચાલન કરનારા દરેકનો ખ્યાલ રાખનારા શબ્દોને તોલી તોલીને બોલનારા અને લખનારા દરેક વાચકોને સમાન ન્યાય આપનાર. પ્રેમ મેળવનારા માન-સન્માન, પ્રશંસા, હારતોરા, માનપત્રો પદવીથી સદાય દૂર રહેનારા અલગારી, એમ કહેવાય કે સદા લીલા લહેરમાં રહેનારા રાયચંદભાઈ આજે આપણી વચ્ચે સદેહે નથી પણ નશ્વરદેહે સદૈવ સાથે જ રહેનારા છે. પરિવારને તો જરૂરથી ખોટ પડી છે વણપૂરાયેલી રહેશે પણ તેનાથી વધુ મિત્રોને, જ્ઞાતિબંધુઓને, સહાધ્યાયીઓને, ક્લાયન્ટોને, અમારા જેવાને પણ ઘણી વધારે ખોટ પડી છે. જીવનની ક્ષણભંગૂરતા ઓળખનારા રાયચંદભાઈ વિપશ્યનાના અભ્યાસી અને અંત સમયે સમાધિમાં લીન થનારા તેમનો સ્વર્ગવાસ નિશ્ચિત જ છે, જે આપણા માટે મોટામાં મોટું આશ્વાસન અને સમાધાન છે શાસનદેવ તેમના આત્માને પરમ શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

**– ગિરીશભાઈ એચ. શાહ,** મુંબઇ

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૧૮

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ..)

ઈસ્લામ ધર્મમાં બતાવવામાં આવ્યું છે કે એક દિવસ કયામત થશે. અલ્લાહ સમગ્ર સંસારને મિટાવી દેશે. દુનિયાની બધી જ વસ્તુઓ નેસ્તનાબુદ કરી દેશે અને પછી ફરી બધાને જીવન અર્પણ કરશે. બધા જ લોકો અલ્લાહ સમક્ષ હાજર થશે. આ પ્રસંગને નામ આપવામાં આવ્યું છે 'હશ્ર.' આ દિવસે બધા જ લોકો અલ્લાહની અદાલતમાં હાજર થશે અને તેઓના ભલાં-બૂરાં કામોના લેખાંજોખાં થશે. નેક લોકોને સ્વર્ગ મળશે - બૂરાં લોકોને જહન્નમ મળશે.

**''ચાર ઇબાદતો''**

ઈસ્લામ ધર્મમાં કહેવામાં આવ્યું છે કે વિચારની સાથે આચાર પણ હોવા જોઈએ. ઈસ્લામ ધર્મમાં એક તરફ જ્યાં અલ્લાહ, કુરાને શરીફ, ફરિસ્તાઓ, રસુલો અને આખિરત ઉપર સંપૂર્ણ વિશ્વાસની વાત કહેવામાં આવી છે તેમ ચાર ઈબાદતો-આચારો ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે. ઈસ્લામ ધર્મમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે દરેક મુસલમાનોએ આ ચાર ઈબાદત-આચાર જરૂર પાળવા જોઈએ.

✷ દરરોજ - ફજ્ર, જુહર, અસ્ત્ર, મગરિબ અને ઈશા એમ પાંચ સમય ઉપર નમાજ કાયમ કરવી જોઈએ.

✷ રમઝાનના મહિનામાં રોજા રાખવા જ જોઈએ.

✷ અલ્લાહના માર્ગે ઓછામાં ઓછી અઢી ટકા રકમ દાનમાં વાપરવી જોઈએ. એટલે કે નફામાંથી અઢી ટકા રકમ બાજુ પર રાખી તેનું દાન કરવું જોઈએ. જેને મુસલમાનો જકાત તરીકે ઓળખે છે.

✷ બની શકે તો જીવનમાં એક વાર હજ યાત્રા કરવી. મક્કા અને કાબા જઈને ઝિયારત કરવી જોઈએ.

**''ઇસ્લામ ધર્મનો ઉપદેશ''**

✷ બધા જ લોકો સાથે ભાઈચારો રાખી તે પ્રમાણે સરખો વ્યવહાર કરવો જોઈએ.

✷ ઈસ્લામ ધર્મમાં ધન-દોલતનો ઠીક ઢંગથી ઉપયોગ કરવાનું કહેવામાં આવ્યું છે. ધન-દોલત જેમ તેમ વાપરવા ઉપર અને સાથે સાથે કંજૂસાઈપૂર્વક વાપરવા ઉપર મનાઈ ફરમાવવામાં આવી છે. ધન-દોલતમાં પુત્ર-પુત્રીઓનો સરખો ભાગ પાડવાનું કહેવામાં આવ્યું છે. ગરીબોને દાન આપવાનું, અનાથો અને વિધવાઓને મદદ કરવાનું કહેવામાં આવ્યું છે અને કોઈ મજબૂરની સંપત્તિ હડપ કરી જવા ઉપર મનાઈ ફરમાવવામાં આવી છે.

✷ મહિલાઓને ઈસ્લામ ધર્મમાં ઊંચો દરજ્જો આપવામાં આવ્યો છે. તે સમયે અરબસ્તાનમાં નાની બાળકીઓને મારી નાખવાની પ્રથા ચાલુ હતી જેનો ઈસ્લામ ધર્મમાં વિરોધ કરી મનાઈ ફરમાવવામાં આવી છે. ચાર પત્ની કરવાની છૂટ છે, પરંતુ ચારેયને સરખો પ્રેમ અને દરજ્જો આપવો જરૂરી છે. માને બહુ જ ઊંચો દરજ્જો આપવામાં આવ્યો છે. એમ કહે છે કે સ્વર્ગ માનાં ચરણોમાં છે.

✷ સદાચાર ઉપર ઈસ્લામ ધર્મમાં ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. ભાઈચારો, સાચું બોલવું, મીઠું બોલવું. કોઈની નિંદા ન કરવી, કોઈને ટોણાં ના મારવા, કોઈની પણ સાથે અન્યાય કે અત્યાચારભર્યો વ્યવહાર ન કરવો, ઘમંડ નહીં, ઈમાનદારીપૂર્વક જીવવું, મહેનતની રોટી ખાવી, દિલને સાફ પવિત્ર રાખવું. જુગાર ન રમવો, શરાબ ન પીવો જોઈએ, વ્યાજ ન લેવું જોઈએ, બેઇમાની ન કરવી જોઈએ, ક્રોધ ક્યારેય ન કરવો જોઈએ, કોઈને સતાવવા નહીં, કોઈની હત્યા ન કરવી, વ્યભિચાર ન કરવો, કોઈનો માલ હડપ ન કરવો, બધા સાથે સત્ય-પ્રેમ-કરુણાપૂર્વક વ્યવહાર કરવો જોઈએ.


**''હજરત મુહમ્મદની જીવન ઝાંખો''**

ઈસ્લામ ધર્મના સ્થાપક કહો તો સ્થાપક અને પ્રવર્તક કહો તો પ્રવર્તક હતા - હજરત મહુમ્મદ અરબસ્તાનનું પ્રસિદ્ધ તીર્થ છે - મક્કા. આ પવિત્ર સ્થળે ઈ.સ. ૫૭૦ની આસપાસ હજરત મુહમ્મદનો જન્મ થયો હતો. તેઓની ચોક્કસ જન્મતારીખ અંગે બે મત પ્રવર્તે છે. કેટલાંકનું કહેવું છે કે ૨૦ ઓગષ્ટ ૫૭૦ના દિને તેમનો જન્મ થયો હતો. તો કેટલાંકનું માનવું છે કે ૨૦ એપ્રિલ ૫૭૧ના રોજ તેમનો જન્મ થયો હતો.

મુહમ્મદ સાહેબનું સમગ્ર જીવન ત્યાગ, સેવા, પ્રેમ અને તપસ્યામાં વીત્યું. તેઓએ ભાઈચારો, મુહબ્બત, રહેમ, ખિદમતનો સંદેશો ચારેબાજુ ફેલાવ્યો.

(વધુ આવતા અંકે...)

# પ્રકાશ સમીક્ષાના માજી સુત્રધારને સ્મરણાંજલિ



### બે લાઈન શ્રી RR પ્રત્યે...

રાયચંદભા (RR) એમની વ્યાવસાયિક પ્રેક્ટિસ, આંટી ઘુંટીમાં તો કાબેલ હતા જ ! અને એ શક્તિ, સમજનો જ્ઞાતિ પત્રકારત્વ ક્ષેત્રે... ઉલ્લેખનીય યોગદાન દ્વારા, વિપરીત શારિરીક સંજોગોમાં પણ સમાજની સંનિષ્ઠ સેવા કરી છે, જે પ્રેરક બની રહેશે. અડગ મનોબળના સ્વામી, પરમ વડીલ મિત્ર 'ર' ને વંદન! **– ચિમન મોતા,** મુલુંડ

### શ્રી આર આર સાહેબને શ્રધ્ધાંજલિ

શ્રી આર આર સાહેબ એટલે મુઠ્ઠી ઉંચેરા એક મળવા જેવા માણસ. સદા હસમુખ ચહેરો. તેમના તંત્રીલેખો સચોટ ને નિખાલસતાથી ભરપુર. એમને આત્મીય શ્રધ્ધાંજલિ.

**– દીપક ગંગાજર ડાઘા,** વરાડીયા-મુલુંડ

### જ્ઞાતિપ્રશ્નોના અભ્યાસુ, સ્પષ્ટ વક્તા, (R.R.) ભાને સ્મરણાંજલિ

શિસ્તતાના ઉપાસક, કડવું સત્ય કહેવાની હિંમત રાખનારા, જ્ઞાતિ સંસ્થાઓની વિસ્તૃત જાણકારી તથા શબ્દોની સુરેખ માંડણી કરનારા શ્રી રાયચંદભાઇ નાગડા (R.R.) સાહેબના નિધનથી પ્રકાશ સમીક્ષાએ જ નહિં સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિએ એક તેજસ્વી તારલો ખોયો છે. સત્તર-અઢાર વરસોના તેમની સાથેના મારા સંબંધોના અનેક સંભારણાઓ મનમાં સંઘરાયેલા છે. અચૂક મુલ્યાંકન તથા તે વિશે સચોટ અભિપ્રાય આપનારા વિશેષ વ્યક્તિ તરીકે તેઓ સદાય યાદ રહેશે. શ્રી ચંપકભાઇ જીવાણી તથા રાયચંદભાઇ નાગડા જેવા વિદ્વાન વ્યક્તિઓનો સંસર્ગ મને પ્રાપ્ત થયો એ મારૂં પરમ સૌભાગ્ય ગણું છું.

શ્રીમતી લીલાબેન નાગડા તથા સર્વે પરિવારજનોને આ આઘાત સહન કરવાની શક્તિ મળે તથા R.R. સાહેબના આત્માને પ્રભુચરણોમાં પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એવી અભ્યર્થના સાથે સદ્‌ગતના ચરણોમાં સ્મરણાંજલિ.

**– મુકેશ ભવાનજી લોડાયા,** મોટી સિંધોડી
(ચિંતન ગ્રાફિક્સ પરિવાર, ઘાટકોપર)

### શ્રી આર.આર. નાગડાને શ્રધ્ધાંજલિ

આદરણીય શ્રી આર. આર. નાગડા ને પ્રથમ વાર મારા ભાઈ સાથે મળી વિનમ્ર અને મળતાવળા વ્યક્તિ. મારા મોટાભાઇની જેમ માથે હાથ ફેરવ્યો, ખુબ પ્રેરણા મળી. એમની ઓફિસ એટલે પ્રકાશ સમીક્ષાનું દેવાલય ! ઊંચા માડુ અને 'ડાઉન ટુ અર્થ'. નામવંત વકિલ પણ સત્ય વાદી અને મારી આ સમાજ સેવા નિઃશુલ્ક છે એમ કહેનારા. એમના સદ્‌ગુણો આપણા જીવનમાં ઉતારીએ એ સાચી શ્રધ્ધાંજલિ .

**– કાશ્મીરાબેન લુઠીયા**

### R.R. સાહેબને આદરાંજલિ

બાહોશ ધારાશાસ્ત્રી, વિચારશીલ વ્યક્તિ અને પ્રખર પત્રકાર એવા શ્રી રાયચંદભાઇ નાગડા (R.R. સાહેબ) સાથે 'પ્રકાશ સમીક્ષા'ના માધ્યમે પરિચય થયો. 'પ્રકાશ સમીક્ષા'ના પ્રકાશન કાર્યમાં જોડાયો ત્યારથી તેમની સાથેનો પરિચય ગાઢ બન્યો. તેમની દિર્ઘદ્રષ્ટિ, અનુભવ અને જ્ઞાનથી હું લાભાન્વિત બન્યો છું. મારા પુસ્તકની પ્રસ્તાવના R.R. સાહેબે જે ઉમળકાથી લખી છે એ મારા જીવનનો તેમની સાથેનો અવિસ્મરણીય પ્રસંગ છે.

R.R. સાહેબના નિધનથી મેં એક આદરણીય વડીલ તથા જ્ઞાની માર્ગદર્શક ગુમાવ્યા છે. એમના પરિવારજનો પ્રતિ ઊંડી સંવેદનાઓ પાઠવું છું. તેમના ઉચ્ચ આત્માની શાંતિ માટે અંતરમનથી પ્રાર્થના સાથે તેમને આદરાંજલિ અર્પણ કરૂં છું.

**– પ્રફુલ જોષી,** ડોંબીવલી

"Shri Raichandbhai (RR) was a great fighter, a strong revolutionary with focused and determined personality. His demise is a great loss to our KDO community. Condolence to family."

**- Rajesh Chheda**

# પરિવારના પ્રેમાળ વ્યક્તિને આદરાંજલિ

Dear Kaka,

As a child I lived in fear of your admonishments, but the fear changed to respect as I grew up. You lived a truly inspirational life and taught me how to handle difficult situations in life with positivity and courage. Having worked in your office during school and college vacations, I saw you handle even professional matters with extreme calm and poise.

During the last 4 years, you courageously fought against a dreadful illness and once again taught us how to overcome the toughest challenges in life with sheer tenacity. While we will always miss your physical presence, the memories and learnings you have gifted us will remain with us forever.

**- Jiten Hirachand Nagda**

A stellar lawyer, a kind samaritan, a proud father, a caring family man, a responsible brother, words fall short to describe the kind of anchor he was for our family. A father figure for all his Nephews and a grandfather for the entire third generation, he never failed to recognize our efforts, appreciate our little achievements and encourage us in tough times.

A man who believed in his principles, led us by actions and stood by his words- he was truly a ‘Guru’ for everyone who interacted with him in any form. Strong, resilient, gritty and positive as he always was, he united and guided us all till his last breath.An inspirational role model for all of us, he will undoubtedly be the brightest, strongest and the most-respected star of our family.His cherished memories will make us smile and his values will continue to guide us always.

**- Khushboo Jiten Nagda.**



Raichand Bha, as the entire family called him, will be fondly remembered and missed. He was not only a role model, but a friend, guide and philosopher for the entire family. All the family members know the story of his childhood struggles, but he would never speak about them - he would always encourage to focus on education and dream big.

Always, smiling and caring, loved by elders and respected by youngers, he left a impression on every one - simple living and big thinking. He had helped several people, but never revealed his name. BHA has several meanings, generally understood as brother, but in kutchi it also means father.

He was a father figure for all and his demise has created a big void, difficult to fill. But we have his teachings and principles to be followed in life and that would be the biggest tribute from us to him. Love you BHA.

**- Nirmal Laherchand Nagda**

Dear kaka,

your memories will stay with us forever. As kids you taught us to be independent and eat right. The memorable stories of your childhood and life taught us the importance of hard work, friendship and family. We will miss you.

**- Miten Hirachand Nagda ( Tinu ),** USA

# પ્રકાશ સમીક્ષાના માજી સુત્રધારને સ્મરણાંજલિ

**શ્રધ્ધાસુમન**

શ્રી રાયચંદ રતનશી નાગડાના આકસ્મિક નિધનના સમાચાર જાણી ખુબજ આઘાતની લાગણી અનુભવીએ છીએ. સમગ્ર જ્ઞાતિ શોકમગ્ન છે.

પ્રભુની ઇચ્છા આગળ આપણું કાંઇ જ નથી ચાલતું તે મિથ્યા માની કરવું રહ્યું.

પ્રભુ મહાવીર આપના પરિવારજનો ઉપર આવી પડેલ દુઃખ અને આઘાત સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના.

પરમ કૃપાળુ પરમાત્મા દિવગંત આત્માને શાંતિ આપે એજ પ્રભુ મહાવીર પાસે પ્રાર્થના.

**– શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના પદાધિકારીઓ, સર્વે ટ્રસ્ટીગણ, મહાસમિતિના સભ્યો તથા દરેક કમિટી સભ્યો**



**આર.આર. નાગડા ને આદરાંજલિ**

રાયચંદ ભાઈના નિધનના સમાચાર પ્રકાશ સમીક્ષામાં વાંચ્યા, તો મન ને એક ઝટકો લાગ્યો. એક અચ્છો આદમી જ્ઞાતિએ ગુમાવ્યો. હંમેશા હસમુખ અને જ્ઞાતિની ચિંતા તેમના હૈયે છલકાતી દેખાતી હતી. એવા સરળ વ્યક્તિ કે કોઈ એમની સલાહ લેવા જાય તો પ્રથમ તો સારી રીતે સંભાળતા, પછી સાચી સલાહ આપતા. અલગ અલગ વિચારધારા છતાં અમે હંમેશા ભેગા રહ્યા. ખાસ કરીને કલ્પવૃક્ષ અંગે તથા અનંત છાયા ટ્રસ્ટ ને મળે તે માટે.

ખેર ! એવા સાલસ વ્યક્તિત્વ ધરાવનારા, વર્ષો સુધી 'પ્રકાશ સમીક્ષા'ના તંત્રીપદે રહીને સેવા કરનારા શ્રી આર.આર. નાગડાને સ્નેહાળ યાદી સાથે આદરાંજલિ.

પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...

**– લક્ષ્મી અને ચંદ્રહાસ ખોના**

---

## કાનુની વારસદારો અને નોમિની – ભાગ ૨

**એડવોકેટ : જિગ્નેશ મોતા, હૈદ્રાબાદ, અનુવાદ : ઉદયન શાહ**

મ્યુચુઅલ ફંડમાં નોમિનેશન : મ્યુચુઅલ ફંડમાં ત્રણ (૩) વ્યક્તિ સુધી નોમિની નીમી શકો છો, અને આ રોકાણની અરજી વખતે પણ કરી શકો છો. સગીર વયની વ્યક્તિને પણ નોમિની તરીકે નીમી શકાય પણ આ માટે કોઇ એક વયસ્કને એના વડીલ (ગાર્ડીયન) તરીકે નીમવા જરૂરી છે. જૂના નોમિની જગ્યાએ નવા નોમિનીની નિમણુક પણ શક્ય છે અને જ્યારે જ્યારે મ્યુચુઅલ ફંડમાં રોકાણ વધારો ત્યારે પહેલા નિમેલા નોમિની જે તે મ્યુચુઅલ ફંડમાં ચાલુ રહેશે.

કંપની કાયદો : કંપનીના એક્ટમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે જો તમે વિલન ર્ક્યું હોય તો તમારો નોમિની તમારા મૃત્યુ બાદ તમારા શેરોનો માલિક ગણાશે.

પીપીએફ : તમે આમાં એકથી વધારે વ્યક્તિને નોમિની તરીકે નીમી શકો છો. અને તમે જુના નોમિનીની જગ્યાએ નવી નિમણુક કરી શકો છો. એ જાણીને ધક્કો લાગશે કે જો તમે પીપીએફમાં નોમિનેશન ન કર્યું હોય તો તમારા વારસદારોને તમારા રૂા. ૧૦ લાખના રોકાણમાંથી રૂા. ૧ લાખ જ તમારા વારસદારોને મળશે.

કંપનીમાં મુડેલ ફિક્સ ડિપોઝીટ : એક જાણીતા કોર્ટ કેસમાં માનનીય ન્યાયાધીશ સાહેબ આફતાબ આલમ અને આર.એમ. લોઢાની ખંડપીઠે એવો નિર્ણય આવી છે કે ફીક્સ ડીપોઝીટના પૈસા વારસદારોને એમની જ્ઞાતિને લગતા વારસાના કાયદા મુજબ વહેંચવામાં આવે અને આમાં નોમિનીનીનો કોઈપણ હિસ્સો નથી રહેતો. બેંકીગ રેગ્યુલેશન ઍક્ટની દ્વારા 452(A)(2) નોમિનીને રોકાણકાર (ડીપોઝીટર) ના સ્થાને મુકે છે અને રોકાણકારના મૃત્યુ બાદ નોમિનીને રોકાણકારની બેંકમાં કરેલું બધુંજ રોકાણ મળે છે. પણ નોમિની એ રોકાણનો માલિક નથી બની જતો એનો ખ્યાલ રાખવો ઘટે.

તમે સારા રોકાણકાર હો અને નાણાકીય રોકાણનું જ્ઞાન ધરાવતા હો એટલું જ જરૂરી નથી હોતું. તમને નાણાકીય વારસો કોને અને કેવી રીતે મળે એનું જ્ઞાન પણ હોવું જરૂરી છે. અને ''નોમિનેશન'' એ એનું મહત્વનું પાસું છે. જો તમે તમારા મૃત્યુ બાદ નાણાકીય વારસો કોને મળે એની સરખી વ્યવસ્થા કરી હશે તો તમારા વારસો તમારા વખાણ કરશે, નહીં તો તેઓ તમારી ફરિયાદ કરશે.

# પ્રકાશ સમીક્ષાના માજી સુત્રધારને સ્મરણાંજલિ

I have lost my friend philosopher and guide Shri Raichand Ratanshi Nagda (RR) gone from my sight but not from my heart. Will always be in my prayers. May god bless the noble soul in eternal peace.

**- Hans B. Khimji,** Matunga

### આર. આર. નાગડાને શ્રધ્ધાંજલિ

આદરણીય શ્રી રાયચંદ રતનશી નાગડાના દુઃખદ અવસાનથી જ્ઞાતિએ એક વિશેષ રત્ન ગુમાવ્યો છે. તેઓ નિખાલસ તથા સ્પષ્ટ વક્તા હતા. પ્રકાશ સમીક્ષાના તંત્રી રૂપે તેઓએ પરબ સંસ્થા ને જ્યાં જ્યાં જરૂરત પડી ત્યાં ત્યાં ખૂબ સહકાર આપ્યો હતો, અને પરબના લગભગ દરેક પ્રસંગે તેઓએ હજર રહી પરબ ને અમુલ્ય પ્રોત્સાહન આપ્યું હતું. એમને ભાવાંજલિ અર્પિત કરતા, પરબના સર્વે સભ્યોની પ્રાર્થના છે કે સદ્‌ગતનો આત્મા પરમસુખ અને શાંતિ પામે.

**– પરબ શક્તિ સંજીવની સોસાયટી**

### શ્રી રાયચંદભાઈ નાગડાને આદરાંજલિ

તેજસ્વી કલમના કિમયાગાર તથા પત્રકારિતાના સક્ષમ પ્રતિનીધી, કાયદાવિદ શ્રી રાયચંદભાઈની વિદાયથી જ્ઞાતિએ એક નિપુણ વડીલ ગુમાવ્યા છે. પ્રકાશ સમીક્ષાના માધ્યમે તેમની સાથેની મુલાકાતો – વાર્તાલાપો મારા માટે જીવનનું સંભારણું બની રહેશે. તેમના આત્માને ચીરશાંતિ લાભો એવી પ્રભુ પ્રાર્થના.

**– જયંત છેડા,** ગુર્જરમાત – જ્ઞાતિમૈયા પરિવાર

### શ્રધ્ધાંજલિ

સ્નેહીશ્રી રાયચંદભાઈ રતનશી નાગડા (R.R. નાગડા) 'રેડી રેકનર'ના દુઃખદ અવસાનથી અમો બધા સ્નેહીજનોને ઘણોજ આઘાત લાગેલ છે.

કાયદાકીય સેવામાં એમનો ઊંડો અભ્યાસ અને કાયદા પ્રત્યે તેમની વિચારસરણી હમેશા ઊંડી અસર ધરાવતી હતી.

પોતાના વિચારોમાં હમેશા મક્કમ રહેતા અને તેની રજુઆત પણ મક્કમતાપૂર્વક મુક્તા હતા. બંધારણીય સલાહ સુચનો માટે હમેશા મદદરૂપ સાબિત થયા.

એમના અવસાનથી શ્રી ક.દ.ઓ. સમાજે એક પ્રખર વકીલ ગુમાવ્યા છે. પ્રભુ તેમના આત્માને શાંતી આપે એવીજ પ્રભુ ચરણે પ્રાર્થના !

**– નિતીન રાયચંદ સાયલા,** સુથરી–ડોંબીવલી



### શ્રી રાયચંદ આર. નાગડાને સુમનાંજલિ

''આર.આર.''ના હુલામણાં નામથી ઓળખાતાં આપણી જ્ઞાતિના ''પ્રકાશ સમીક્ષા''ના પૂર્વ તંત્રીશ્રીની ઓળખ તેમની મુંબઈ ફોર્ટ વિસ્તારમાં આવેલ શેરબજાર પાસેની ઓફિસમાં થઈ તે પહેલાં તેમનાં વકીલાતનાં વ્યવસાયની રૂએ વર્ષો પહેલાં મુલાકાત થયેલી. ''પ્રકાશ સમીક્ષા'' માં લખવા માટે આહવાન કરી મારામાં લેખકની પ્રતિભા જોઈ, મારામાં શ્રધ્ધાનાં દિપ પ્રગટાવી મને મોકળું મેદાન આપનાર ''આર.આર.'' હતા.

કર્તવ્યનિષ્ઠ, નિયમીતપણાંનાં આગ્રહી, લેખની ઉઘરાણી કરવામાં માહેર, આજે યાદોની સુવાસ બનીને મઘમઘે છે એ તેમની બહુમુખી પ્રતિભાનું જ્વલંત ઉદાહરણ છે.

કદાચ ઉપરવાળા પાસે પણ એ નવરા નહીં બેઠા હોય. ચિત્રગુપ્તની ફાઈલોની વચ્ચે જ્ઞાતિને સ્પર્શતા લેખોને મઠારતા હશે.

તેમના સંસર્ગમાં આવતાં ઘણા પ્રસંગોને આજે યાદ કરતાં ગુજરાતી સાહિત્યના પ્રખર ગઝલકાર શ્રી અમૃત ઘાયલનો શેર ટાંકવાનું શ્રધ્ધાંજલિ રૂપે મન થાય છે.

''હસવું સદાય હસવું, દુઃખમાં અચુક હસવું,
દીવાનગીતણું આ ડહાપણ મને ગમે છે''

**– સોમ ધરમશી**

# પ્રકાશ સમીક્ષાના માજી સુત્રધારને સ્મરણાંજલિ



## સો-સો સલામ અને વંદન

૬૦ વર્ષની મિત્રતા, કૌટુંબિક ભાઇચારો, મારા પથદર્શક, નીડરતા અને સૌમ્યતાનું સીંચન કરનારા મિત્રને સો-સો સલામ અને વંદન.

**- શરદ શાહ (નાગડા)**

## ભાવભીની આંદરાંજલિ

જ્ઞાતિના શુભ-ચિંતક, વ્યવહાર કુશળ, સ્પષ્ટ વક્તા, નીડર પત્રકારીત્વના સ્વામી, શ્રી સનત્ભાઇના શાહના અનુગામી તરીકે... પ્રકાશ સમીક્ષાને વધુ લોકપ્રિય બનાવવા પોતાના ધારદાર તંત્રીલેખો દ્વારા સતત ને સતત પ્રયત્નશીલ રહેતા, વિશાળ દિલ ધરાવતા મુઠી ઉંચેરા એવા 'શ્રી આર. આર. નાગડા'' સાહેબને ભાવભીની આંદરાંજલિ.

**- દિનેશ આર. શાહ,** મલાડ-મોટી સિંધોડી

R.R. Bha as was fondly known n my elder brother figure to both of us rather was a guiding torch to us n has slowly put so many things in our life n changed our perception (outlook) of our vision for Kdo community. He will always call beta to me n i have no words to express my thoughts n feelings for him. One big void has been left in our life. May god give him eternal place in heavenly abode. Salute to u R.R.bha.

**- Adv. Mrudula Dand**

પરમ કૃપાળુ પરમાત્મા ભાઇશ્રી રાયચંદ રતનશી નાગડાના આત્માને જ્યાં પણ હોય ત્યાં શાંતિ અને સદ્ગતિ આપે એજ દાદાને પ્રાર્થના.

ઓમ શાંતિ - શાંતિ - શાંતિ

**- નરેન્દ્ર શિયાલ**

## શ્રી રાયચંદભાઈને મારી શબ્દ શ્રદ્ધાંજલિ

શ્રી રાયચંદભાઈ નાગડા જે 'આર.આર.' ના નામથી વધારે ઓળખાય છે, તેમના નિધનના સમાચાર જાણીને અત્યંત દુ:ખ થયું. પ્રકાશ સમીક્ષાને એક નીડર, નિર્ભીક, નિષ્પક્ષ અને ન્યાય તરફી જ્ઞાતિ મુખપત્ર બનાવવામાં તેમનો સિંહ ફાળો રહ્યો તે કહેવું અસ્થાને ના કહી શકાય. મારો તેમની સાથે લગભગ બારેક વર્ષ પહેલાં મારા એક લેખ નિમિત્તે ફોનથી સંપર્ક થયેલ. વ્યવસાયે ઈલેક્ટ્રીકલ ઈંજિનિયર હોવાથી હું લાઈટિંગ ઈન્ડિયા, ઈલેક્ટ્રીકલ ઈન્ડિયા તેમજ કૂલિંગ ઈન્ડિયા જેવા વ્યવસાયિક મેગેઝીનોમાં અંગ્રેજીમાં મારા લેખો લખતો તેમજ સ્થાનિક સમાચાર પત્રોમાં ચર્ચા પત્રો પણ લખતો. પણ એક વાર મેં પ્રકાશ સમીક્ષા માટે 'જ્ઞાતિમાં આંતરજ્ઞાતિય લગ્નોની સમસ્યા' લેખ જે પ્રકાશ સમીક્ષાના છેલ્લા ત્રણ વર્ષના લેખોમાંથી માહિતી એકત્ર કરીને લખેલ, તે તેમને એટલો પસંદ પડેલ કે એ લેખને તંત્રીલેખ તરીકે સ્થાન આપેલ. એક લેખ કે લેખક માટે આનાથી વિષેશ કદર બીજી શી હોય! તેમણે મને ફોન કરીને કહેલ કે ચિંતન, મનન, અધ્યન અને સંકલનનું સુંદર સમન્વય આ મૌલિક લેખમાં જોવા મળયું. સ્વર્ગીય શિવજીભાઈ વીકમસીએ પણ આ લેખની બહુજ પ્રસંશા કરેલ. આ રીતે પ્રકાશમાં લેખ લખવા મને પ્રોત્સાહન આપેલ અને ક્યારેક કોઈ લેખને મઠારવા મને માર્ગદર્શન પણ આપતા. એટલે પ્રકાશ સમીક્ષાને લાગે વળગે છે ત્યાં સુધી તે મારા પથદર્શક હતા.

તેમનું જ્ઞાતિની સાર્વજનિક અસ્ક્યામતો સંબંધી જ્ઞાન અગાધ કહી શકાય તેટલું હતું. અને કેટલીક વાર તેમના વિચારો જ્ઞાતિના અન્ય આગેવાનો કરતાં અલગ અને આગવા હોવા છતાં પણ તે વ્યક્ત કરવામાં અચકાતા નહીં. પ્રકાશ સમીક્ષાના હાલના તંત્રી ડો. હીરાચંદભાઈ દંડે પણ શ્રી રાયચંદભાઈને તેમના 'મેન્ટોર' ગણાવેલ. કોઈ શ્રીમંત કે ધનવાનના નિધનથી જ્ઞાતિ નિર્ધન નથી થતી પણ શ્રી રાયચંદભાઈ જેવા વિરલ, વિચારશીલ, વિદ્વાન અને વિશિષ્ટ વ્યકતિના નિધનથી જ્ઞાતિ જરૂર નિર્ધન બને છે. મરણ એ દરેક મનુષ્યની અંતિમ સ્થિતિ છે, પણ જેમને સમાજ, સંસ્થા અને જ્ઞાતિ સ્મરણ કરીને શબ્દ અને શ્રદ્ધા સુમન અર્પણ કરે છે તેવા શ્રી રાયચંદભાઈને મારી પણ સહૃદય અને સાદર શ્રદ્ધાંજલિ.

**- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ),** કોઠારા-સુરત

# પ્રકાશ સમીક્ષાના માજી સુત્રધારને સ્મરણાંજલિ

**સ્નેહાળ શ્રધ્ધાંજલિ – R.R. ને**

પ્રકાશ સમીક્ષાને પૂર્ણ સમર્પિત, તેના નિરંતર વિકાસ માટે વિચારતા એવા, સદા પ્રસન્નચિત, આલા દર્જાના R.R. એક વિશેષ વ્યક્તિત્વ હતા. મારા શાળા-મિત્ર, પરિવાર મિત્ર ને સદા શુભેચ્છક 'ર' ક્યાં છે. આજે સમાજ R.R. ને પ્રેમથી યાદ કરે છે. ખૂબ સ્નેહાળ, લાગણીથી ભરપૂર એવા R.R. ની લીગલ બાહોશી, સત્યનિષ્ઠા ને નિડરતા વિષે બે મત નથી, સાથે તેઓ આધ્યાત્મિક અને ઉંડા ચિંતનશીલ હતા. સામેની વ્યક્તિને તુરંત સુપેરે પારખી જવાનો તેમનો અનોખો અંદાજ હતો. તેમના ઉચ્ચ દર્જાના સંપર્કો હતા. જેનો અનેક વાર મને પરિચય કરાવ્યો જે આજે પણ મૈત્રી પૂર્ણ છે. R.R. ની દૂરંદેશીના કેટલાક દૃષ્ટાંત આજે મને ધ્યાનમાં આવે છે.

તેમણે પ્રકાશ સમીક્ષામાં અનેક ફેરફાર કરી તેના રૂપરંગ બદલાવી નાખ્યા હતા. પ્રકાશ સમીક્ષાનું સુકાન છોડતા પહેલા તેના સુપેરે સંચાલન માટે દક્ષતાથી હસ્તાંતર કરી કાબેલ હાથોમાં મૂકી સંતોષ લીધો.

પ્રકાશ સમીક્ષાના આરંભના અંકોની વિગતવાર બાંઈડીંગ કરેલ અલભ્ય બુકો હતી. સમયના માર સાથે તેની હાલત જર્જરિત થઇ ગઇ હતી. તેમણે બધાજ પૂસ્તકોનું નિષ્ણાત દ્વારા સ્કેનીંગ કરાવી નવી પેઢી માટે સાચવી લીધા. જે આજે પણ ભવ્ય ભૂતકાળ અને પૂર્વજોની રસિક વાતો તાદ્દસ કરી આપે છે.

મને યાદ છે મસ્જીદમાં અરિહંત બેંકની જગ્યાનો યુનિયન બેંકનો કબ્જો હતો. તેમણે બાહોશીથી કેસ જીતી જગ્યા પાછી મેળવી આપી હતી.

તેમની વિદ્વતાનો મારો અંગત અનુભવ છે. મેં તેમને એક બુકના ૩૦૦ પાનાનું પ્રુફ રીડીંગ કરી આપવા વિનંતી કરી, કારણ કે તે Legal - BMC - Proffectional, Architecture & Construction ને લગતી આંટીઘુંટી વાળી વિગત હતી. તેમણે Spare-time માં ફક્ત બે દિવસમાં કામ કરી આપ્યું જે તેમના વિવિધ Tech. Knowledge નો પરચો બતાવે છે.

R.R. સદા વિસ્મરણિય રહેશે. તેમના દિવ્ય આત્માને પ્રેમાળ શ્રધ્ધાંજલિ.

**– રમેશ પદમશી દંડ,**
ભરૂડીયા-ઘાટકોપર



**આદરાંજલિ**

વર્ષોથી ''પ્રકાશ સમીક્ષા'' સાથે સંકળાયેલા, સ્પષ્ટ વક્તા, હાથમાં લીધેલ કામગીરીને અંતિમ ધ્યેય સુધી પહોંચાડી શકતા શ્રી રાયચંદભાઇની ચીર વિદાયથી પરીવારની સાથોસાથ આપણા સમાજને પણ ન પૂરાય એવી ખોટ પડી છે. પ્રખર વ્યક્તિત્વ, નીડર પત્રકારીતાના સ્વામી, ધીંગી કોઠાસુઝ ધરાવતા તથા ધારદાર તંત્રીલેખો દ્વારા જન-જાગૃતિ આણનારા શ્રી રાયચંદભાઇને કેમ વિસરાય...!

થોડા વરસ પહેલાં... પુના સંઘમાં માતબર રકમનો ચડાવો લીધો પણ એનો પ્રથમ લાભ પોતે ન લેતાં ''**રનર-અપ**'' પરીવારને આપીને પોતાના વિશાળ દિલનો પરીચય આપણને સૌને આપ્યો. આવા તો અનેક ઉદાહરણો પ્રસ્થાપિત કરનારા શ્રી રાયચંદભાઇના આત્માને પરમ શાંતિ મળે તથા સૌ પરીવારજનોને આ આઘાત સહન કરવાની શક્તિ મળે એજ પ્રભુ પાસે પ્રાર્થના સહ... આદરાંજલિના પુષ્પો અર્પણ કરીએ છીએ...

**– શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, ટ્રસ્ટ – મોટી સિંધોડી**

## શ્રી રાયચંદભાઈ નાગડા ને શ્રધ્ધાંજલિ



આર.આર. ના હુલામણા નામથી પ્રસિધ્ધ, આપણી જ્ઞાતિના બાહોશ વકીલ તથા પ્રકાશ સમીક્ષાના પૂર્વ તંત્રી શ્રી રાયચંદભાઈના આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાય એવી પ્રભુ પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ.

***– સોમ ધરમશી***

## ચાતુર્માસ દરમ્યાન ઉગ્ર તપસ્યાઓ દ્વારા જિનશાસનની અભિવંદના કરનારા ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના

**અક્ષયનિધિ તપ**



**પ્રીતિ ધર્મેશ ખોના**
વરાડીયા - ડોંબીવલી

**૩૧ ઉપવાસ**



**પારૂલ મોમાયા**
સુથરી - મુલુંડ

**૩૦ ઉપવાસ**



**ગીતા લહેરચંદ લોડાયા**
બાંઢીયા - ભાંડુપ

**૩૦ ઉપવાસ**



**લહેરચંદ દામજી લોડાયા**
બાંઢીયા - ભાંડુપ

**૧૬ ઉપવાસ**



**કોમલ રીતેન ગાલા**
કાંડાગરા મોટા - થાણે

**૧૬ ઉપવાસ**



**પ્રતિક જયેશ ખોના**
સાંયરા - કલ્યાણ

**૧૬ ઉપવાસ**



**પ્રશાંત જયચંદ ગોશર**
ગોએરસમા - ડોંબીવલી

**૧૧ ઉપવાસ**



**રાજેશ દામજી મૈશેરી**
મોટી સિંધોડી - વિરાર

**૯ ઉપવાસ અને ૪૧ એકાસણા ૧૮ અઠ્ઠાઈ (સલગ )**



**વાલજી લાલજી ધરમશી (શાહ)**
સુથરી - મુલુંડ

**૯ ઉપવાસ**



**જુગલ મણિલાલ મોતા**
તેરા - ડોંબીવલી

**૮ ઉપવાસ/૪૫ એકાસણા**



**માલતી દિલીપ લોડાયા**
બાંઢીયા - કાંજુરમાર્ગ

**અઠ્ઠાઈ તપ**



**હાર્દિક રાજેશ મૈશેરી**
લાલા - ડોંબીવલી

**અઠ્ઠાઈ તપના તપસ્વીઓ**



**કાંતિલાલ પદમશી મોતા**
ગદગ - નલીયા



**કુંજન દિનેશ દંડ**
સેવક ભરૂડીયા - સાંતાક્રુઝ



**મોનેશ ચંદ્રકાંત લોડાયા**
મોટી ખાવડી - મુલુંડ



**પુજા રમેશ મૈશેરી**
લાલા - ડોંબીવલી

## ચાતુર્માસ દરમ્યાન ઉગ્ર તપસ્યાઓ દ્વારા જિનશાસનની અભિવંદના કરનારા ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના

### અઠ્ઠાઇ તપના તપસ્વીઓ



**હેમંત એમ. શાહ**
વરાડીયા - કેનડા



**હિના હેમંત શાહ**
વરાડીયા - કેનડા



**માનસી દિલીપ લાપસીયા**
દલતુંગી - મુલુંડ



**પ્રીતિ નીરેન લોડાયા**
સાંયરા - કાંજુરમાર્ગ



**ગૌતમ વેલજી ડાઘા**
વરાડીયા - મુલુંડ



**ધવલ દિલીપ લાપસીયા**
દલતુંગી - મુલુંડ



**ભાવીન દિલીપકુમાર લોડાયા**
વારાપધર - ડોંબીવલી



**રિન્કુ હિતેશ લાપસીયા**
દલતુંગી - મુલુંડ



**કામિની અજય મોતા**
નલીયા - ડોંબીવલી




**અક્ષત અજય મોતા**
નલીયા - ડોંબીવલી



**મીના દિનેશ લાપસીયા**
-



**અ.સૌ. મોનિકા મહેન્દ્ર લોડાયા**
દલતુંગી - ડોંબીવલી



**લિસા વિપિન ખોના**
સુથરી - મુલુંડ



**હેમાંગી વિપિન ખોના**
સુથરી - મુલુંડ



**નયન મુલચંદ લોડાયા**
સાંધાણ - વડોદરા



**જૈનમ લીનેશ લાલકા**
લાલા - વડોદરા

## ચાતુર્માસ દરમ્યાન ઉગ્ર તપસ્યાઓ દ્વારા જિનશાસનની અભિવંદના કરનારા ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના

### અઠ્ઠાઈ તપના તપસ્વીઓ


**કૈયુર પંકજ નાગડા**
વારાપધર – અમદાવાદ


**લીનાબેન હિરાચંદ લોડાયા**
સાંયરા – વડોદરા


**જીનલ પ્રતિક શાહ (મોતા)**
રાયધણજર – વડોદરા


**ભૂમિત પરેશ લોડાયા**
કોઠારા – કોઈમ્બતુર


**ગીતા રાજેશ મૈશેરી**
મોટી સિંધોડી – વિરાર


**ભાવીન લહેરચંદ લોડાયા**
બાંઢીયા – ભાંડુપ


**કિંજલ ભાવીન લોડાયા**
બાંઢીયા – ભાંડુપ


**ડિમ્પલ મનોજ લોડાયા**
બાંઢીયા – ભાંડુપ


**ક્રિશા કમલેશ મૈશેરી**
કુવાપધર – ભાંડુપ


**ધીરજ અજય દંડ**
તેરા – ચિંચવડ, પુણે


**દિપ્તન પ્રેમચંદ લોડાયા**
મોટી સિંધોડી – ભાંડુપ


**નયન મુરજી મૈશેરી**
મોટી સિંધોડી – ભાંડુપ


**કવિશા ધર્મેશ ખોના**
વરાડીયા – ડોંબીવલી


**તેજસ મહેન્દ્ર ખોના**
જખૌ – ભાંડુપ


**ગ્રીષ્મા હર્ષદ દંડ**
સુથરી – મુલુંડ


**અર્ચના બિપીન મોમાયા**
જખૌ – ડોંબીવલી



## ''મુઠી ઊંચેરા માનવી''

મુરબ્બીશ્રી તિલોકચંદભાઇ નરશી જેઠાભાઇ દંડ, વરાડીયા-મલકાપુર વાળાના દુઃખદ અવસાનના સમાચાર સાંભળી મનને ઘણોજ આઘાત લાગ્યો. ન માનવા જેવી વાતને સ્વીકાર્યે જ છુટકો.

સ્વ. શ્રી તિલોકચંદભાઇ એક અજાતશત્રુ માનવી હતા જેમનો આ દુનિયામાં કોઇપણ દુશ્મન ન હોય. એમણે સમગ્રજીવન દરમ્યાન જ્ઞાતિ સેવાનો એક અનેરો (દીક્ષા) ભેખ લીધેલ. તેઓ એકદમ કોમળ હૃદય ધરાવતા હતા. જ્ઞાતિનો કોઇપણ વ્યક્તિ દુઃખી હોય કે એને તકલીફ હોય તેની જાણ શેઠશ્રીને થાય એટલે તરતજ ગુપ્ત રીતે એને સહાય મળી જ જાય.

મલકાપુર કે બુરહાનપુર એમના ધંધાકીય કાર્યક્ષેત્ર હતા પણ જ્ઞાતિ સેવા અને માનવસેવા માટે આખા ભારત વર્ષના જ્ઞાતિજનોને સહાય કરવા, માર્ગદર્શન આપવા સદાય તત્પર રહેતા. ગુપ્ત દાન આપવું અને કોઇ પણ જાતની કીર્તી મેળવવાની જરા પણ ઝંખના નહીં.


મહારાષ્ટ્ર એકમના તો તેઓ પ્રાણ સમાન હતા. તેમણે મહારાષ્ટ્રના આપણી જ્ઞાતિના કોઇપણ કાર્યમાં ક્યારે પણ ના પાડી હોય તેવા દાખલો શોધ્યો જડશે નહીં. જ્ઞાતિનો દરેક દરેક માણસ કેમ ઊંચો આવે એવી એમની હૃદયપૂર્વકની ભાવના રહેતી. જ્ઞાતિ પ્રત્યેની એમની ભાવના અપ્રતિમ હતી.

મારો એમની સાથે છેલ્લા ત્રીસેક વરસથી ગાઢ સંબંધ હતો. મારા માટે તો એ એક મહાન આત્મા હતા અને વડીલ જેવા હતા. નાનામાં નાના માણસ સાથે પણ ઉચતમ વ્યવહાર તેઓશ્રી કરતા સામેવાળી વ્યક્તિ એમની પાસે જાય ત્યારે એને એમજ લાગે કે હું મારા વડીલશ્રી પાસે પહોંચ્યો છું અને અને ગમે એવું મુશ્કેલ કાર્ય પણ તરત જ પાર પાડી દેતા હતા. મોટા પરિવાર માટે તેઓશ્રી પિતાતુલ્ય સમાન હતા. પરિવારને એકસુત્રે સાચવીને એમણે જ્ઞાતિમાં એક ઉચ્ચતમ ઉદાહરણ પુરૂં પાડેલ.

મહારાષ્ટ્ર એકમનો બે દિવસીય કે ત્રણ દિવસીય અધિવેશન હોય તો તે મલકાપુરમાં જ હોય. છેલ્લા ૨૫ વરસમાં લગભગ ૨૦ થી ૨૧ વર્ષ સુધી એ દરમ્યાન મારી હાજરી ત્યાં હોય જ હોય. એમનું આમંત્રણ કાર્યક્રમથી બે માર આગળ આવીજ જાય. અને ત્યાં કોઇપણ જ્ઞાતિજન જાય તો એમનું અનેરૂં માન સન્માન જળવાય તેની પોતે જ દેખભાળ કરતા.

આવા ઉચ્ચતમ માનવીની વિદાય આપણા સૌ માટે એક વજ્રઘાત સમાન છે. જ્ઞાતિએ એક અણમોલ રત્ન ગમાવ્યો છે. પરિવારે તો ખરેખર જ સર્વસ્વ ગમાવ્યું છે. આ આઘાત પરિવારને સહન કરવાની પરમાત્મા શક્તિ આપે તથા એમનો આત્મા મોક્ષગામી બને એવી વિનમ્ર પ્રાર્થના.

**– એલ. એલ. પોલડીયા (લલાપો) સમસ્ત પરિવાર**




શ્રી અનંત નાથાય નમઃ ફોન : **99691 84377**

।। શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ।।

## શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસૂરિ સ્મારક ટ્રસ્ટ

**(પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર E-9687)**

**C/o. યતિશ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી શ્રીજી મહારાજ**

૩૪, ખડક સ્ટ્રીટ, ૧લે માળે, રૂમ-૬૦,મસ્જીદબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.


## નવરાત્રિ અનંતનાથજી મુંબઇમાં મહાકાલી આરાધના

આપ સૌ ભાવિકો દાદા અનંતનાથજી, મા મહાકાલી દેવી અને ગાદીની અસીમ કૃપાથી સૌને સુખ શાંતિ સલામતિ ભક્તિભાવથી શુભેચ્છા આશીર્વાદ.

સૌના આરોગ્ય સુખાકારી નિમિત્તે નવરાત્રિ આસો સુદ ૭/૮/૯ ગુરૂ/શુક્ર/શનિ ૨૨ થી ૨૪ ઓક્ટોબર ૨૦૨૦ મુંબઇ અનંતનાથજી દેરાસરજી ઉપાશ્રય ગાદી સન્મુખ ત્રણ દિવસ દેવી આરાધના જાપ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦ રાખેલ છે. આપ સૌ ભાવિકો દર્શન-વંદન-આરાધના જાપમાં યથા સમય પધારશો.

**-: શુભેચ્છક :-**

**યતિ મોતીસાગરજીશ્રીજી મહારાજના સૌને ક્ષમાપના**

(પૂજ્યનીય એકાંક્ષી શ્રીફળ મલી શકશે.)

આરોગ્ય પ્રકાશ

# કોરોના વિશે માહિતી

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



કોરોના ફલ્યુ જેવો વાયરસ છે, એનાથી ગભરાવવાની બિલ્કુલ જરૂર નથી. હા, સાવચેતી રાખવાની પૂરેપૂરી જરૂર છે કેમકે એ ચેપી રોગ છે. કોરોના હોય કે બીજી કોઇપણ બિમારી હોય, પહેલો ઇલાજ કહો કે એને મારી હટાવવાનું પહેલું પગથીયું - એ જ છે કે બિમારીનો ડર રાખવો નહીં. ડર રાખ્યા વગર આત્મ વિશ્વાસ અને હિંમતથી કોરોનાનો સામનો કરીશું અને કુદરતમાં વિશ્વાસ રાખીશું તો કોરોના સામેની અડધી લડત તો એમને એમ જ જીતાઇ જવાશે. બાકીની લડાઇ પ્રતિકાર શક્તિ વધારી, પુષ્કળ પ્રવાહી લઇ (લીંબુ શરબત, સંતરા, મોસંબી વગેરે) પીવામાં ગરમ પાણી તથા દિવસમાં ૨-૩ વખત બાફ લેવી. વીશેક મિનિટ તડકામાં બેસી, મન શાંત રાખી, પુરતી ઉંઘ લઇ, શરદી, તાવ વગેરેની સાદી દવા, વિટામીન સી ની ગોળી, શક્તિની ગોળી લેવાથી જીતાઇ જવાશે.

કોરોનાની બિમારીના આંકડા શહેરોમાં વધી રહ્યા છે (એમાં ખરેખર ૫૦% તો ફોલ્સ પોઝીટીવ હોય છે. તે ટેસ્ટ કીટ બનાવનારા પણ આ સંપૂર્ણ ચોકસાઇવાળા છે એમ દાવો નથી કરતાં.) પણ એમાંથી ૯૮% થી વધુ પૂરેપુરા સાજા થઇ જાય છે. આપણા દેશમાં મૃત્યુદર નહીંવત (૧.૭%) છે. કોરોના થાય તો પણ સાજા થવાના ચાન્સ ૯૮% થી વધારે છે. સો માંથી ફક્ત એકાદ બે ના જ મૃત્યુ થાય છે. અને એ પણ જે ડરી જાય છે, જેમને ગંભીર બિમારી (કિડની, કેન્સર, એઇડ્સ, હાર્ટની બિમારી) કાબુમાં ન હોય તેવા હાઇ બી.પી., હાઇ ડાયાબીટીઝ, વધુ પડતું મેદસ્વીપણુ, હોય છે અને જેમને બીડી, સિગારેટ, તમાકુ ગુટકા, દારૂ વગેરે વ્યસન છે એમના ફેફસા, લીવર નબળા હોય છે એવા દર્દીઓ મૃત્યુ પામે છે. ૮૦ થી ૧૦૦ વર્ષની ઉમરના કેટલાય પેશન્ટ પણ સારા થયા છે. આ સર્વ બાબત સમજીને કોરોનાનો ડર રાખવો જોઇએ નહિં. ડર એટલે આપણે અડધી લડાઇ હારી જઇએ છીએ. ડોક્ટરો, નર્સો, કામના અતિ બોજ, પી.પી.ઇ. કીટ પહેરવાથી થતી તકલીફ, મોટા ભાગનાને કુટુંબથી દૂર રહેવું, તેમજ આ બિમારીને ઇલાજ ન હોવાથી મરતા દર્દી માટે પોતે અસહાયતા અનુભવવી અને હતાશા અને થાક એજ એમના મૃત્યુનો માટે કારણભૂત છે. પોલિસ તેમજ સમાજસેવકોના મૃત્યુનું કારણ સતત કામનો બોજો અને લોકોની કફોડી હાલત જોઇ હતાશા અનુભવથી જ મુખ્યતઃ છે. ડરવાથી કોઇ સવાલ હલ થતાં નથી, હિંમત, આત્મવિશ્વાસથી, સહેજ પણ ડર્યા વગર આપણે બધાએ કોરોનાનો અને એવા બીજા વાયરસ સામનો કરવાનો છે. (આવા વાયરસ ભવિષ્યમાં આવવાની પૂરી શક્યતા છે. દર એક બે વર્ષે ડેન્ગ્યુ, લેપ્ટોસ્પાયરોસીસ, એચ.આઇ.વી., ચિકનગુનીયા, સ્વાઇનફલ્યુ, ઇબોલા વગેરે નવા નવા વાયરસ આવ્યા જ કરે છે તે એક કુદરતી ક્રમ છે.) કેન્સર, એઇડ્સ જેવી ઘાતક બિમારીમાં પણ દુનિયામાં ઘણાએ આત્મવિશ્વાસ અને હિંમતથી વિજય મેળવ્યું. કોરોનાથી થતાં મૃત્યુનો દર સતત ઘટી રહ્યો છે. માટે જ આની પહેલી દવા છે કરવું નહિં.

ડેવિડ આર. હોકિન્સના ડૉક્ટરલ થીસીસ પર આધારિત પુસ્તક ''પાવર વીથ ફોર્સ''માં લખેલ છે કે જે માણસને ડર સતાવતો હોય તો તેનું કંપન ફક્ત ૦.૨ થી ૨.૨ હર્ટઝ (HZ) હોય છે, જે કોરોના વાયરસને ભગાડવા પૂરતાં નથી. ભય, ફોબીયા, ચિંતા, તાણ હોય તો તે વ્યક્તિનું કંપન ખૂબ ઓછું હોય છે, બીજા શબ્દોમાં કહીએ તો આવી વ્યક્તિઓમાં નેગેટીવ ઉર્જા ઉત્પન્ન થાય છે અને પ્રતિકાર શક્તિ ઘટે છે અને એથી કોરોના વાયરસ વધુ નુકશાન પહોંચાડે છે. તેથી ડર અને તાણ, ચિંતાથી દૂર રહેવું. ઉદારતા (95HZ) પ્રેમ, કરૂણા (150HZ) પ્રાર્થના (૧૨૦ થી ૩૫૦HZ) જેવા ગુણો વિકસાવીએ જેથી પોઝીટીવ ઉર્જા કોરોના જેવા વાયરસને મારી હટાવે. માટે ડરો નહીં. હસો, પ્રેમ કરો, પ્રકૃતિને માણો, ધ્યાન અને પ્રાર્થના કરો જેવા શરીરમાં કંપન વધે અને પોજીટીવ ઉર્જા વધુ ને વધુ ઉત્પન્ન થાય અને આપણી પ્રતિકાર શક્તિ વધે.

કોરોના ટેસ્ટ સંપૂર્ણ ચોક્કસ નથી તેથી જાહેર થતા આંકડામાં ફોલ્સ પીઝીટીવ હોય જ છે. તેજ રીતે હાલ થયેલા મૃત્યુ ભલે કોઇપણ બિમારીને કારણે હોય દરેકને કોરોનાનું જ લેબલ લાગી જતું હોવાથી આંક વધુ મોટો થતો જણાય છે. તે ઉપરાંત મીડીયાવાળા તેની જાહેરાત (પોતે વધુ પ્રસિધ્ધિ મેળવવા કે TRP વધારવા), તેનું આકલન વધુ આક્રમક રીતે કરે છે. તેને લીધે લોકોમાં વધુ ડર ફેલાય છે. અમુક દવાની કંપનીવાળા, અમુક ટેસ્ટ કીટ બનાવનારા કે કેટલાક PPE બનાવનારા, અમુક હોસ્પિટલવાળા કે અમુક લૅબવાળા પણ ધંધાના લાભાર્થે એકબીજા સાથે ખોટું કરવા

માટે ભળી ગયા હોય તો પણ નવાઇ નહીં. અને આમ ખોટા ડરને, ભયને લીધે સામાન્ય માણસ તો ભલે પણ ડૉક્ટરો પણ દવાખાના ખોલતાં નથી પેશન્ટને હાથ લગાડતાં પણ ડરે છે. સાવચેતી પૂરેપૂરી જરૂરી છે, પણ ડર, ભય રાખવો ન જોઇએ.

ડૉ. વિશ્વરૂપ રૉય ચૌધરી (M.D.) અને ડૉ. તરૂણ કોઠારી (M.D.) પુરાવાઓ અને હકીકતો સાથે ૧૦૦ ટકા ખાત્રીથી બધાને કહે છે (કોન્ફરન્સ કરી, વિડિયો મોકલી) કે ટેસ્ટ ૧૦૦% ગેરન્ટીવાળી નથી. લગભગ ૫૦% ફોલ્સ પોઝીટીવ હોય છે. આ વાયરસ સાદા ફલ્યુ જેવો છે. સાદી ટ્રીટમેન્ટથી (મોસંબી-સંતરાના જ્યુસ, નાળીયેર પાણી, લીંબુ, કાકડી, ટામેટાં વગેરેના ચોક્કસ પ્રમાણમાં ઉપયોગથી) મટી જાય છે તે તેમણે દરદીઓને સાજા કરીને પુરવાર કર્યું છે. આ બન્ને ડૉક્ટર દાવા સાથે, પુરાવા સાથે મીડીયાવાળાને પણ કહે છે.

ફોલ્સ પોઝીટીવ હોય તો પણ કોરોનાનું લેબલ લાગે એટલે પેશન્ટ હાલના ડરના માહોલ વચ્ચે માનસિક રીતે ભાંગી પડે છે અને અડધો જંગ તો હારી જાય તેમાં પાછું ઘરનાને મળવા ન દે એટલે મનોબળ વધુ તુટે, પેશન્ટની પ્રતિકાર શક્તિ વધુ ઓછી થાય. જ્યારે આ બિમારીની કોઇ દવા નથી ત્યારે ટેસ્ટ કરાવવા કરતાં ટેસ્ટ ન કરાવીને મનોબળ ટકાવતું વધુ જરૂરી છે. ઘરે ઇલાજ અને પુરતી સાવચેતીથી ઘણા પેશન્ટ બચી ગયા છે. કોરોના છે કે નહિં એ જાણવા એક સાદી ટેસ્ટ છે - ગોળનો નાનો ગાંગડો ખાવો અને જો તેની મીઠાસનો ટેસ્ટ જીભને સમજાય તે જ રીતે ગુલાબના અત્તર જેવી સૌમ્ય સુગંધ સુંઘતા જો તેની સુવાસ નાકને સમજાય તો કોરોના નથી તેમ જાણવું (શરદીમાં નાક બંદ હોય તો ક્યારેક સુગંધ ન આવે તો ગભરાવું નહિં).

શરદી, ઉધરસ તાવ માટેની સાદી દવા સૌને ખબર જ છે છતાં જાણ ખાતર - શરદી માટે - Cetrizine (દિવસમાં ૧ વખત) શરદી + તાવ માટે - Cinaryle/Sinarest (દિવસમાં ૩) કફ માટે - Azi500 (Azithromycin) રોજ ૧ × પાંચ દિવસ લેવી (ખાધા પછી) કે Mahacef 200 ૧-૧ સવાર-સાંજ (ખાધા પછી) સાથે કોઇપણ કફ સિરપ. સાદા તાવ માટે - Metacin/Crocin/Dolo દિવસમાં ૩. પીવામાં ગરમ પાણીનો ઉપયોગ, બાફ લેવી, હળદર, સુંઠ+ગોળની ગોળી, તુલસીનો કાઢો વગેરે લઇ ડર્યા વગર ઇલાજ કરવાથી ચોક્કસ સારૂં થશે.

ભાવનગરના ડૉ. દિપક ગોલવાલકર (M.D.). ટી.બી. ન્યુમોનિયા, ફંગલ ઇન્ફેક્શન વગેરે ચેપી રોગોઓનો ઇલાજ કરે છે અને છેલ્લા ચારેક મહિનાથી કોરોના રોગીઓની સારવાર કરે છે. આ સર્વ રોગીઓનો ચેપ ન લાગે તે માટે છેલ્લા દોઢ વર્ષથી Methylene Blue (0.1%) ના દ્રાવણ નો ઉપયોગ કરે છે. આ દવા પાવડર અને ઇન્જેક્શન રૂપમાં મળે છે. ૧ ગ્રામ પાવડર ૧ લીટર મીનરલ વૉટરમાં મેળવવાથી ૦.૧ % વાળુ દ્રાવણ તૈયાર થશે તે કાચની બોટલમાં રાખવું. હલાવીને રોજ પા ચમચી (૧.૨૫ એમ.એલ.) જેટલું દ્રાવણ જીભ નીચે સવાર-સાંજ રાખવું. (જીભ નીચે રાખવાથી શરીરમાં લોહી સાથે જલ્દી ભળે છે) અને પી જવું. આ દવા બગડતી નથી - ફ્રિજમાં રાખવી નહીં. આ દવાને લીધે જીભ સહેજ જાંબુડી થાય છે. ૧ કલાક સુધી કડવો સ્વાદ રહે છે અને પેશાબમાં સહેજ લીલાશ (૪ કલાક) (Green Tinge) દેખાય છે, બીજી કોઇ આડઅસર નથી. ડૉક્ટર પોતે અને એમનો સ્ટાફ આ દવા સવાર-સાંજ બે વખત લે છે અને ભય રાખ્યા વગર ચેપી દરદીઓનો ઇલાજ કરે છે. Methylene Blue ઈંજેક્શન ૧૦ એમ.એલ ની એમ્પ્યુલ આવે છે. (તે બાબત કોઇને જરૂરી માહિતી જોઇએ તો મને ફોન કરી પૂછી શકે છે.) આ દવાનો ઉલ્ટો ફાયદો છે, તે એન્ટીઑક્સિડન્ટ છે અને તેનાથી સ્ફુર્તિ મળે છે. આ દવા સગર્ભા, કીડની લીવર ફેલ્યુરના દરદી, એન્ટીડીપ્રેશન દવાઓ લેતા રોગીઓ અને નાના બાળકોએ ન લેવી. બાકીનાએ આનો ઉપયોગ કરવો જોઇએ.

સરકાર પોતાની રીતે કોરોના સામે લડી રહી છે. હવે આપણે આત્મવિશ્વાસ સાથે ડર્યા વગર સાવચેતી સાથે લડાઇ લડવાની છે. આપણા દેશની હલી ગયેલી અર્થવ્યવસ્થાને ફરી પાછી પાટે ચડાવીએ, સોશ્યલ ડીસ્ટન્સીંગ પાળીએ અને આપણા યુવાનો, બાળકો માટે ઉજ્જ્વળ ભવિષ્ય બને તે માટે પ્રયત્ન કરીએ.


## લગ્ન સંબંધી

**જન્મ વર્ષ ૧૯૮૭ યુવકના નિર્દોષ છુટાછેટા થયા છે. એના માટે કન્યા અથવા છુટાછેટા વાળી કન્યાના માતાપિતા સંપર્ક કરે. યુવકનો પોતાનો સ્વતંત્ર ધંધો છે. પસંદગી ઘરરખુ - સરળ તથા પ્રેમાળ કન્યાની અપેક્ષા છે.**

સંપર્ક : **પ્રફુલ્લચંદ્ર ચાંપશી નાગડા**

**98212 27329 / 93212 27329 / 90820 61315**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)

આ વર્ષે કોવિડ-૧૯ મહામારીના કારણે નાત જમણ સ્થગિત કરી ''માતુશ્રી કુંવરબાઇ નરશી નાથા ગૃહ ઉદ્યોગ'' ભાંડુપથી કુટેલી બુંદિના લાડુ તથા કચ્છી ગાંઠિયા મંગાવી છત્તીસગઢમાં રહેતા ક.દ.ઓ. નિયાણી દિકરીઓ સર્વેને ઘર દીઠ મોકલવામાં આવેલ. જેના કાયમી લાભાર્થી માતુશ્રી મધુરીબેન લાલજી ઘેલાભાઇ શિયાડ પરિવાર (રાયપુર-મુંબઇ-અમેરીકા) છે.

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગદગ

વર્ષ ૨૦૨૦-૨૦૨૧ થી ૨૦૨૧-૨૦૨૨ સુધીના પદાધિકારીઓની નિમણુંક : ૧) પ્રમુખશ્રી - શ્રી ભૂપેન્દ્ર સોમચંદ ખોના, ૨) ઉપપ્રમુખશ્રી - શ્રી વિજય પ્રવીણચંદ લુઠિયા, ૩) સેક્રેટરી - શ્રી મૌનેશ પ્રવીણચંદ લુઠિયા, ૪) જોઇન્ટ સેક્રેટરી - શ્રી રાજેશ મણિલાલ છેડા.

કારોબારી સમિતિના પદાધિકારીઓ : ૫) શ્રી દીપક જયચંદ ખોના, ૬) શ્રી સંજય ઠાકરશી મોતા, ૭) શ્રી ગિરીશ કુંવરજી નાગડા, ૮) શ્રી વિપુલ રતિલાલ ભગત, ૯) શ્રી ભરત ડુંગરશી છેડા, ૧૦) શ્રી વિપુલ નરેન્દ્ર લુઠિયા, ૧૧) શ્રી રવીન્દ્ર કુંવરજી લોડાયા, ૧૨) ડૉ. શ્રી પ્રતીક પ્રદીપ ખોના, ૧૩) શ્રી આશિષ દિનેશ ધરમશી, ૧૪) શ્રી અંકેશ જિતેન્દ્ર પટેલ, ૧૫) શ્રીમતી કલ્પના વિપિન મોતા, ૧૬) શ્રીમતી ભાવના ભરત છેડા, ૧૭) ડૉ. શ્રી પ્રદીપ સોમચંદ ખોના (પ્રમુખશ્રી સી.ડી.ઓ. જૈન સ્કુલ), ૧૮) શ્રી સુજીવ જવેરચંદ સોની (સેક્રેટરી શ્રી સી.ડી.ઓ. જૈન સ્કુલ).

સલાહકાર સમિતિના સભ્યો : ૧૯) શ્રી હરીશ શીવલાલ મુનવર, ૨૦) શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયા.

## કચ્છી દશા ઓસવાળ જૈનો ત્રણ દાયકામાં ૧૭ હજારમાંથી ઘટીને માત્ર ૫૫૦ રહ્યા

જીવદયા અને સમાજસેવામાં અબડાસામાં હંમેશા આગળ પડતો ભાગ ભજવનાર કચ્છી દશા ઓસવાળ જૈન સમાજનું અબડાસામાંથી સૌથી વધુ સ્થળાંતર થયું છે. ક.દ.ઓ. સમાજના નલિયાના અગ્રણી કિરણભાઇ લખમશીભાઇ મોતાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, કચ્છી દશા ઓસવાળ સમાજની ભારત સહિત સમગ્ર વિશ્વમાં હાલ વસતી ૩૩ હજાર છે. ત્રણ દાયકા અગાઉ અબડાસામાં આ સમાજની વસતી ૧૭ હજારની હતી જે હવે માત્ર ૫૫૦ જેટલી જ રહી છે. છેલ્લા છ દાયકામાં ક.દ.ઓ. જૈન સમાજના ડેટા બતાવતા તેમણે જણાવ્યું હતું કે રોજગારી અને અન્ય કારણોથી અમારા સમાજનું મોટા પાયે દેશના વિવિધ ભાગોમાં સ્થળાંતર થયું છે.

## ગદગમાં સંગીત શિક્ષિકા ધનલક્ષ્મીબેનનું સન્માન

૫-૯-૨૦૨૦ના શિક્ષક દિનના રોટરી ક્લબ ઑફ રાયચુર તરફથી સંગીત - કલા ક્ષેત્રે રાયચુર (કર્ણાટક)ની વિવિધ વ્યક્તિ ને NATION BUILD AWARD થી સન્માનિત કરવામાં આવેલ તેમાં વરાડીયાના માતુશ્રી ધનલક્ષ્મીબેન દામજી કુંવરજી ગોવિંદજી મોમાયાનો સમાવેશ થયો છે. (વરાડીયાના મેઘઈમા તથા તીરૂપુરના જેઠુભાઈ ગોવિંદજી પરીવાર). તેમણે ગદગની ક.દ.ઓ. શાળામાં ૧૭ વરસ સુધી સંગીત શિક્ષિકા તરીકે સેવા આપેલ.

## રંગપુર ક.દ.ઓસવાલ ટ્રસ્ટ બોર્ડ

રંગપુર ગામ મુકામે પર્યુષણ બાબત પર્યુષણ પર્વની ઉજવણી સાદાઇથી કરવામાં આવેલ ને સ્થાનકમાં પુજારીએ જ કલ્પસુત્ર વાંચન કરેલ ૩૦ થી ૩૫ જણાની હાજરી હતી. મહાવીર સ્વામી જન્મ કલ્યાણ બિજ (૨)ના દિવસે સ્વપ્ના ઉતારેલ જેમાં ઘી ઘૃત બોલી ૭૩૮૬૨ મણ થયેલ અને પોથી કલ્પસુત્ર ૧૩૬૧ મણમાં તેમજ પારણું ૩૮૦૦ મણમાં પધરાવામાં આવેલ. કોરોના મહામારીના હીસાબે તપસ્યામાં ૪ જણાના એકાસણા થયેલ.

## કોઠારા મહાજનશ્રીની અનુકરણીય પહેલ...

તાજેતરમાં કોઠારા જિનાલયે રહેલી વધારાની વિવિધ સામગ્રી જેવી કે, નાડાછડી, કપુર, રૂની વાટ, પુંજણી, વાસક્ષેપ, અંગલુછણાં, માળા વગેરેનું વિતરણ કોઠારાના ટ્રસ્ટી શ્રી દિનેશભાઇ લાલજીભાઇ અજાણીની જાત દેખરેખ હેઠળ કરવામાં આવેલ. કોઠારાની આસપાસના નાના-નાના સંઘોમાં એ સામગ્રીનો સદુપયોગ થશે.

## કોચીનમાં આજીવિકા અર્થે ઉષા સિલાઈ મશીન

કોચીનમાં Lockdown ના કારણે, એક ઓટો રિક્શા ડ્રાઇવરે અજુગતું પગલું લઇ આત્મહત્યા કરી. સમાચાર પત્ર


દ્વારા તે જાણ થતાં એમના પત્ની શ્રી સોમ્યાજી (બે નાના બાળકોના માતા)ને મુકેશ માણેકજી લોડાયા, જૈન ફાઉન્ડેશન કોચીન, દ્વારા આજીવિકા અર્થે એક ઉષા સ્ટિચિંગ મશીન મોટર સાથે આપવામાં આવ્યું.

**હવે ગુજરાતી-કચ્છી બોલીનો અનુવાદ સરળ : જિલ્લા પંચાયત દ્વારા કચ્છી બોલી એપનું લોન્ચિંગ**

કચ્છ જિલ્લા પંચાયત દ્વારા સૌ પ્રથમ કચ્છી બોલીને શીખવા, સમજવા અને માણવા માટે મોબાઇલ એપ લોન્ચ કરવામાં આવી છે. આ એપ થકી આંગળીના ટેરવે ગુજરાતી શબ્દોના કચ્છી અનુવાદ જાણી શકાશે તથા કચ્છી શબ્દો ટાઇપ કર્યેથી ગુજરાતી અનુવાદ મળી શકશે. ૧૩૦૦ થી વધુ કચ્છી શબ્દો અત્યારે સ્ટોર કરવામાં આવ્યા છે. આ શબ્દો ઉપરાંત સુધારા, વધારા કે નવા શબ્દો ઉમેરવાના થાય તે માટે આપનું સજેશન કોમેન્ટમાં લખવા વિનંતી છે. સૌથી વધારે શબ્દોના સજેશન આપનારને યોગ્ય સન્માન સાથે સત્કારવામાં આવશે.

આ એપ ડાઉનલોડ કરવા માટે નીચે મુજબની લિંક http://play.google.com/store/apps/details?id=com.wKutchiBoliApp11961978 અથવા Play Store dp,, Kutchi Boli આ લખી સર્ચ કરતાં એપ ડાઉનલોડ થશે.

**ભાવનગર કચ્છ સમાજ**



ભાવનગર કચ્છ સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ શાહની ડિવિઝનલ રેલ્વે મેનેજર દ્વારા વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ માટે DRUCC ના સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે. શ્રી મહેન્દ્રભાઇ ઉપરોક્ત સંસ્થાઓ સિવાય શહેરની અન્ય સંસ્થાઓ સાથે જોડાયેલા છે.

---

**૮ ઉપવાસ/૪૫ એકાસણા**

**પલક વિરેન હેફા** (જખૌ - મુલુંડ)

**અઠ્ઠાઇ તપ**

**ખુશાલ રતિલાલ લોડાયા** (બાંઢીયા - નાસિક)

**કુ. રોશની ભૂપેન્દ્ર વીકમસી** (વારાપધર)

**કુ. કોમલ ભરત વીકમસી** (વારાપધર)

**હિરલ નિતીન લોડાયા** (વારાપધર - અકોલા)

**હાર્દિક મુલચંદ મૈશેરી** (મોટી સિંધોડી - ડોંબીવલી)

**સખીવૃંદ મહિલા મંડળ, પુણે**




આ વર્ષે સખીવૃંદ મંડળની ૨૭મી વાર્ષિક સભા ઑનલાઇન તા. ૨૯-૮-૨૦૨૦ના થઇ જેનું સંચાલન મહિમા નાગડાએ કર્યું. પ્રમુખ કલ્પનાબેન લાપસીયાએ સ્પીચ આપી સૌને આવકાર્યા. ગતવર્ષની મિટીંગ અને કાર્યક્રમનો અહેવાલ સેક્રેટરી કોમલ ધરમશીએ પીપીટી સાથે પ્રદર્શિત કર્યો. ખજાનચી લેખાં માલદે વર્ષ દરમ્યાનના એકાઉન્ટ રજૂ કર્યા.

દાતાશ્રી વાસંતીબેન શાહનું સારો ફાળો આપવા બદલ પ્રમુખ કલ્પનાબેન લાપસીયાએ બહુમાન કર્યું. આ વર્ષની બેસ્ટ રચિત મિટીંગમાં કલ્પનાબેન લાપસીયાને અનોખા પાવરટેક્સ તથા દિનલ ધરમશીને અવનવા રિથ બનાવવાના વિષય પર તથા મિતાબેન લાલકા ઓર્ગન ડોનેશનના વિષય પર વિજયી થયા. મીતાબેન લાલકા દ્વારા પ્રાયોજીત પોપ્યુલર મિટીંગની રોલીંગ ટ્રોફીમાં મહિમા નાગડાને ટેરેરિયમ તથા કલ્પનાબેન લાપસીયા પાવરટેક્સના વિષયમાં વિજેતા રહ્યા.

ચાંદની લોડાયાની કમિટી સભ્ય પદે નિમણૂંક કરાઇ. ૨૦૨૦-૨૦૨૧ની કારોબારી સમિતિમાં પ્રમુખ કલ્પનાબેન લાપસિયા, ઉપપ્રમુખ મીતાબેન લાલકા, સલાહકાર પુષ્પાબેન લોડાયા, સેક્રેટરી કોમલ ધરમશી, ખજાનચી લેખાં માલદે, મેમ્બર મહિમા નાગડા, ચાંદની લોડાયા. સભાના અંતે મિતાબેન લાલકાએ આભાર વિધિ કરી.

## વતનના વર્તમાન : સંકલન - કેસરસિંહ ખોના

### ગુજરાત હોમ સ્ટે પૉલિસી

બંધ કે.ડી.ઓ. આવાસો માટે પ્રબળ શક્યતા. રાજ્ય સરકારે પ્રથમ હેરીટેજ ટુરિઝમ પોલિસી જાહેર કરવાની સાથે જૂની હોમ સ્ટે પોલિસીમાં સુધારા વધારા જાહેર કરી વધુ સરળ બનાવી છે. ગુજરાતની પરંપરા, સંસ્કૃતિ, ખાનપાનની વાનગીઓ ગ્રામીણ જીવન પધ્ધતિનો પરિચય મેળવવા આવતા દેશ વિદેશના પર્યટકોને પોષાણક્ષમ ભાવે સ્વચ્છ અને સુખ-સુવિધા પૂર્ણ આવાસ સગવડ માટે હોમ સ્ટે પોલિસી અમલી બનાવવામાં આવી છે.

પોલિસી હેઠળ એક થી છ રૂમના આવાસ, અને પરિવાર સાથે રહેતી વ્યક્તિઓ હોમ સ્ટે તરીકે પોતાના ઘરનો ઉપયોગ કરી શકશે. આ પ્રકારે રજિસ્ટર કરવામાં આવેલા ઘરને પ્રોપર્ટી ટૅક્સ, ઘરેલુ વીજ દરમાં છૂટ તથા સોલર રૂફ ટોપ યોજનાનો લાભ આપવામાં આવશે. ગુજરાતમાં હાલ ૧૦૦ જેટલા હોમ સ્ટે રજિસ્ટર થયેલા છે. જેમાં હવે વધુ ઘરો જોડાવાની સાથે ગ્રામીણ રોજગાર, પર્યટન અને હૉટેલ ઉદ્યોગમાં પણ વ્યવસાયની તકો વધવાની શક્યતા છે. આમ આપણી જ્ઞાતિના બંધ ઘરોનો આર્થિક લાભ મેળવવાની પ્રબળ શક્યતા દેખાય છે.

### ગુલીઅન બેર સિન્ડ્રોમ

દેશમાં ભાગ્યેજ જોવા મળતી આ બિમારીનો ભુજની જીકે હોસ્પિટલમાં સફળ ઇલાજ કરી આઠ વર્ષની બાળાને જીવનદાન અપાયું. આ રોગમાં શરીરનું ઇમ્યૂન તંત્ર જ કોષોને મારી નાખે છે. આમાં ફેફસા સહિત શરીરના બધાજ સ્નાયુઓના ચેતા તંત્ર કામ કરતા બંદ થઇ જાય છે.

### રમતગમત યોજના - નલીયામાં જમીન સંપાદિત

ગુજરાત રમતગમત ઑથોરિટી હેઠળ કચ્છના ૧૦ તાલુકામાં એક એક ગામે જમીન સંપાદન કરાયું છે. આ યોજના હેઠળ નલીયામાં ૧૪ એકરમાં સ્પોર્ટસ્ કૉમ્પ્લેક્સનું નિર્માણ કરવાની યોજના છે પણ બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્રોજેક્ટના નવા નિયમો લાગુ કરાતાં હાલ પૂરતી આ યોજના લટકી પડી હોય એમ જણાય છે.

### ખારેક પ્રોજેક્ટ

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યૂ.એન) સંચાલિત ડેન્માર્ક સ્થિત સંસ્થા અનલીશના તાજેતરમાં ચીનમાં યોજાયેલા એક સંમેલનમાં ખારેકના પ્રોજેક્ટ પર કામ કરી રહેલ ડૉ. પ્રહર્ષ પટેલના ઇન્નોવેશન અને ડેવલપમેન્ટ પ્રોજેક્ટને પસંદ કરવામાં આવ્યો છે.

સમ્મેલનમાં ૧૬૨ દેશના ૧૫૦૦ નિષ્ણાતોએ ભાગ લીધો હતો જેમાં ભારતના બે પ્રોજેક્ટ પસંદ થયા હતા. કૃષિ ક્ષેત્રનો આ એક માત્ર પ્રોજેક્ટ હતો. અમદાવાદ ખાતે રહેતા ડૉ. પ્રહર્ષ પટેલના સંશોધનોના આધારે કાચી ખારેક આધારિત અથાણા સહિત ૩૫ પ્રોડક્ટ વિકસાવી હતી. આ ક્ષેત્રે વધુ તાલિમ માટે ડૉ. પ્રહર્ષ છ મહિના માટે વિદેશ જશે.

### યાયાવર પક્ષી ધામ

જ્યાં દર વરસે દેશ પરદેશના હજારો જાતના લાખો પક્ષીઓ મુકામ કરે છે તે છારી ઢંઢ જવાનો માર્ગ ભારે વરસાદના કારણે ધોવાઇ ગયો હતો તેને સરકારે યુધ્ધના ધોરણે રિપેર કરાવતાં પર્યટકો અને પક્ષી દર્શનાર્થીઓને આવાગમનની સરળતા થઇ ગઇ છે.

### માંડવી વિન્ડફાર્મ બીચ

દેશ વિદેશના સહેલાણીઓ માટે આકર્ષક બનેલો માંડવી વિન્ડફાર્મ બીચ હવે પર્યટકો માટે ખુલ્લો મુકાઇ ગયો છે.

### કંડલા એરપોર્ટ

કંડલા એરપોર્ટથી પ્રવાસીઓની સંખ્યા સતત વધી રહી છે અને હાલ ત્રણે એર લાઇનોની ફ્લાઇટો ચાલુ છે. એલાયંસ એર લાઇન્સની ફ્લાઇટ કંડલા અમદાવાદ રવિવાર સિવાય સમાહના છ દિવસ, ટ્રુ જેટ અમદાવાદ ફ્લાઇટ સમાહમાં ચાર દિવસ અને મુંબઇ માટેની વિમાની સેવા સમાહના દરેક દિવસે ચાલુ રહે છે.

### ગુણરત્ન સંવત્સર તપસ્વી ઝવેરબેન

પ્રખર આત્મબળે સહુથી વધુ આકરા ગણાતાં ગુણરત્ન સંવત્સર તપ પૂર્ણ કરી કોડાયના શ્રીમતી ઝવેરબેન હરખચંદ ગાલા મોક્ષ માર્ગે સિધાવ્યા. આ તપ લગભગ ૪૮૦ દિવસ ચાલ્યો જેમાં ૪૦૭ દિવસ ઉપવાસના હતા અને દરમિયાન કુલ માત્ર ૭૩ દિવસ આહાર લેવાનું હતું. પ.પૂ. ગુરૂદેવ વિદ્યાચંદ્રજી મ.સા. તપસ્વીશ્રીની અનુમોદના કરતા જણાવ્યું હતું કે આ પ્રકારનું આકરૂં તપ કદાચ કચ્છમાં પહેલી વાર જ નોંધાયું છે.

### ફ્લેમિંગોનું સતત આગમન

આ વર્ષે શ્રીકાર વરસાદના પગલે ઠેરઠેર પાણી ભરાતાં સર્જાયેલા નાના મોટા ઢંઢ યાયાવર પક્ષીઓ માટે પિકનિક કમ પ્રજનન સ્પોટ બની ગયા છે. સાઇબેરિયન ફ્લેમિંગો રણમાં આવેલા ફ્લેમિંગો સિટી ઉપરાંત છારી ઢંઢ અને આસપાસ ઘણી જગ્યાએ એમનું આગમન હજી ચાલુ છે. ફ્લેમિંગોએ પડાવ નાખ્યા છે. રણ વિસ્તારમાં મડ ફ્લેટસમાં ફ્લેમિંગો માળા બનાવી રહ્યા છે. હવે તો કચ્છમાં ફ્લેમિંગો આખું વરસ જોવા મળે છે.

## રણમાં ઉત્પન્ન ચોખાની જખૌ બંદરેથી નિકાસ થતી. મોટા રણના પેટાળમાં નહેરો અને ખેતરો

**– સોમ ધરમશી, કેસરસિંહ ખોના**

વૈદિક અને ભારતીય પ્રાચીન સંસ્કૃતિની આધાર સરસ્વતી, હિમાલયમાંથી નીકળી છેક કચ્છના રણમાં વિલીન થતી હતી એમ સેટેલાઇટ તસવીરોથી પૂરવાર થાય છે. લુપ્ત થયેલી એ મહાન નદી, રણ જ્યારે સાગર હતું ત્યારે એમાં પડતી એ જાણી, આપણા માટે કચ્છી તરીકે મોટા ગૌરવની વાત છે. કોરોના લોકડાઉનના સમયગાળા દરમિયાન ઇસરોના પૂર્વ વૈજ્ઞાનિક ડૉ. ઠક્કર, સેટેલાઇટ તસવીરોનો અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે તેમને કેટલાક આશ્ચર્ય જનક તથ્યો નજરે ચઢ્યા.

ખડીર નજીક ભારત અને પાક સરહદ વચ્ચે મેરુડા ટક્કરની વાયવ્યે (ઉત્તર-પશ્ચિમે) મોટી નહેર જેવું બાંધકામ દેખાયું છે આ બાંધકામ લગભગ બે કિલોમીટર લંબાઇનું છે. વળી આ નહેર અને નીચેના છેડે બે શાખામાંથી જોશભેર (પ્રેસરાઇઝડ જેવું) બહાર નીકળતું હોય તેમ આ સેટેલાઇટ તસવીરોમાં જણાય છે. આ ઉપરાંત પશ્ચિમ કચ્છના સરહદી વિસ્તારમાં પણ એક લાંબી નહેર જણાઇ છે. જો કે એની લંબાઇનો અંદાજ લગાવી શકાયો નથી.

આ અભ્યાસમાં ઇસરો વિજ્ઞાની દીપકભાઇ મારૂએ પણ સહયોગ આપ્યો હતો.

ઇસરોની સેટેલાઇટ ઇમેજમાં હાલના ભૂતળની નીચે ખેતરો પણ દેખાયા છે. સરસ્વતી મોટા રણના પૂર્વ છેડે પડતી હતી એ સમયના પ્રવાહમાંથી ખેંચેલી નહેરો તસવીરોમાં દેખાઇ છે.

ડૉ. ઠક્કરે જણાવ્યું હતું કે કોરોના કાળ પૂરો થતાં સરહદની પરિસ્થિતિ થાળે પડ્યા બાદ સ્થળ પર જઇ સંશોધન કરશે.

આ વિસ્તાર ખૂબજ ફળદ્રુપ હતો અને અહીં ખાસ કરીને ગુલાબી/લાલ ચોખા થતા જે બસ્તા તથા જખૌ બંદરથી નિકાસ કરાતા હતા.

અત્રે જરૂર યાદ કરવા જેવું છે કે સરસ્વતી નદી લગભગ ૨૨૫૦૦ વર્ષ પૂર્વે લુપ્ત થઇ હોવાનું કેટલા વૈદિક અને પૌરાણિક સાહિત્યના વિદ્વાનોનું માનવું છે.

સરસ્વતીનો ઉલ્લેખ 'મહાભારત'માં છે. જેનો કાળ લગભગ ૭૫૦૦ વર્ષ પહેલાંનો છે. અનેક સંસ્થાઓ, વિજ્ઞાનીઓ અને ભૂગર્ભશાસ્ત્રીઓ સરસ્વતીના લુપ્ત થવાના કારણો અને સમય ગાળાનો અભ્યાસ કરી રહ્યા છે.

## પાસ થયા અભિનંદન


**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**જિનય વર્ધમાન શાહ**
BE (Sem 8)
CGPA **7.53**



**ઇશા દેવેન દંડ**
વરાડીયા - અમદાવાદ
H.S.C. **82.93%**




**નિલય દેવેશ દંડ**
વરાડીયા - અમદાવાદ
H.S.C. **91.8%**



**વૃષભ મણિલાલ ગોશર**
વારાપધર - ધવનગીરી
H.S.C. **88.83%**



**જીલ જયનેન્દ્ર ખોના**
જખૌ - ડોંબીવલી
S.S.C. **83.20%**



**માહિર નિલેશ માલદે**
વડોદરા
S.S.C. **92%**



**યશ્વી પરેશ માલદે**
દલતુંગી - ડોંબીવલી
S.S.C. **61.20%**

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

BEING JAIN

# A Soul's bondage in the KARMA CAGE



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

In our lives, there are days when we are energetic, enthusiastic and ecstatic for no obvious reason and, at times we find ourselves feeling absolutely clueless, helpless and miserable! In fact, it is our own Karmas coming to fruition. All changes, all happenings, all upheavals are due to karmic effects. But as SakyongMipham puts it, **"Like gravity, karma is so basic, we often don't even notice it."** Last time we understood the fundamentals of karma. Now the obvious questions would be; how many types of karmas exist? How do they bind the soul? How their fruits are realized, and how they wear away or get destroyed?

let us have some more clarity so that we can move in the right direction.

Prakritis or types of Karmas can be broadly classified into 2 categories:

(i) Ghati (Destructive) karmas which impact one's spiritual well-being by defiling the true nature of the soul and

(ii) Aghati (Non-destructive) karmas or those which donot hamper the attributes of a soul but impact one's material well-being.

Ghati Karma is of the following four sub-types:

**1) Jnanavaraniya (Knowledge-Obscuring) Karma :** Limits the soul's potential of knowing just like a blindfold limits the eye's capacity to see. This type of karma is acquired mainly by disregard of knowledge-givers and of the sources of knowledge.

**2) Darshanavaraniya (Perception Obscuring) Karma :** The absence of conviction and loss of faith in the truth causes the bondage of Darshanavaraniya karma. Like an alert gatekeeper; this karma prevents a visitor's entry into the precincts of endless vision.

**3) Mohaniya or (Deluding) Karma :** This karma; like wine, intoxicates a being and pushes one to indulge in attachments and aversion. Both drive a being to thoughtless extreme action causing densest bonds which last for many lifetimes. Mohaniya is henceknown as the king of karmas, because it is the deadliest and the most formidable of them all.

**4) Antaraya or (obstacle–causing) Karma:** Obstructions arising in one's undertaking of some desirable activity like charity or inablity to enjoy the fruits of one's labour, etc. are the outcome of Antaraya karma. Like an uncooperative treasurer who who blocks the release of funds from the state treasury despite the King's sanction letter, the Antaraya Karma prevents the soul's progress along the right path.

The four Aghatiya (non-destructive) Karmas are:

**5) Vedaniya (Pleasure or pain conferring) Karma:** Previous good or bad deeds result in this Karma being Shatavedaniya (pleasure-causing) or Ashatavedaniya (pain-causing). This inexplicable roller-coaster of pain and pleasure is caused by Vedaniya Karma. Like ahoney-smeared sword sure to cut the tongue if one tried to even taste the honey, worldy pleasures are momentary and invariably entail pain.

**6) Aayu (lifespan determining) Karma :** This Karma determines the life span of any particular being and binds his soul within his body like shackles bind a prisoner for his term of punishment.

**7) Naam or (physique determining) Karma :** Divine, human, animal and infernal life are the four states in which the worldly souls are born from time to time depending upon this Karma. Like a skilled painter, this Karma also decides what type of body constitutiona being will have.

**8) Gotra (status determining) karma :** The Gotra Karma, like a potter who makes small and large vessels from the same clay,

(Cont. on Page 36)

**Over View**

# SNAKE AND LADDER GAME



**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

In this Corona lockdown period Many parents have started playing with their children Board games. It may include Snake and ladder game.

I am tempted to share our experience as parents with our children 40/35 years back with this board game.

Even a simple phenomenon, when viewed with heightened awareness, can unfold new schools of learning. They have unspoken messages. So hear the unheard, see the unseen, feel the unfelt.... unravel the unspoken. How this Snake and Ladder game helped us to go the other way to learn that Life is something of what happens to you and everything else of how you respond to you.

It taught us that it is a

**1. Compact package of all lessons of life:** Each Ladder was named differently by us as Work & commitment, Love, Respect, Helping others, Enjoying, Integrity, Passion, studies, Extra-curricular activities, Punctuality, Healthy food, Exercise, Goal setting, Trusting the Divine. The snakes were named as Anger, Cheating, Lieing, Greed, Quarreling, Indiscipline, Laziness, Violence, Can't do attitude etc. Dice represented our CHOICES. In every played game the messaging of values went deep down the subconscious level effortlessly in our children and in ourselves too.

**2. SUCCESS & FAILURE :** Nobody succeeds all the time or Nobody is destined to remain a failure. You meet both Snakes and Ladders in your journey. Success is failure delayed and Failure is success delayed. Life is a rollercoaster ride. Accept it and remain peaceful and equanimous under all circumstances.

**3. It isn't not over till it is over :**

Even if you have reached the top row,



the game isn't over till it is over. There still is the biggest snake left. Play till the end with the same intensity.

**4. Choice and Consequences:** The choices can be categorised only based on what the consequences turn out to be. Choices in the form of rolling out dice are your initiatives. Consequences are existential responses. Sometimes rolled out 1 may be more beneficial than 6 till you know the consequences. So the uncertainty is the other name for Human Life.

**5. Winners never quit :** If you play the game long enough, you will complete it. Quitters never win and of course winners never quit.

**6. It's Just a game :** Life is just a Leela. We can be playfully sincere. Play, let us. Enjoy it. Results are inconsequential.

---

(**Being Jain** Cont. from Page 35)

causes beings to be born in a noble or lowly, a virtuous or evil family.

Karma as a substance is “inert matter, lifeless like a pebble, but in combination with soul its potency is immense. It keeps the jiva itself bound and fettered.” Bound now; but certainly not forever because, with conviction and consistent effort the soul can rise above all adversities and disabilities and can make a heaven of hell. Next time we will see how a man can become the maker, the moulder and the master of his own fate.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પ્રકાશ કુંવરજી પત્રામલ લોડાયા**<br>(PS 4924) ગામ – સાંધવ | 204, શિવઆંગણ, સારથી હોસ્પિટલની પાસે, આણંદ-સોજીત્રા રોડ, બોરસદ ચોકડી, આણંદ - GJ. 388001. મો.: **093274 76801** |
| **જગતસિંહ દેવશી ખીંયસી લોડાયા**<br>(PS 1012) ગામ – કોઠારા | A-11, ૪ થે માળે, નીલકંઠ ધારા, ૭૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – 400 077. મો.: **098336 94413** |
| **શ્રીમતી લીલાબેન સોમચંદ સોજપાર નાગડા**<br>(PS 1958) ગામ – જખૌ | 702, એસ્પાયર રેસીડન્સી, રાઘવેન્દ્ર સ્વામી રોડ, સર્વોદય નગર, રાજા ઈન્ડસ્ટ્રી એસ્ટેટની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080. મો.: **098193 62109** |
| **શ્રી દિપક માણેકજી શામજી લોડાયા**<br>(PS 2083) ગામ – સાંયરા | 201, નીલમનગર બીલ્ડીંગ નં. ૪, પી. ગુર્જર રોડ, ગવાનપાડા, મુલુંડ (ઈસ્ટ) મુંબઈ – 400 081. મો.: **093201 96505** |
| **નીતિન ભાઈચંદ લાલજી ધરમશી**<br>(PS 3790) ગામ – રંગપુર | E-401, લારકિન્સ નગર રેસિડન્સી, સુભાષ રોડ, એચ.પી. પેટ્રોલ પંપની સામે, ડોંબીવલી (વેસ્ટ). MH 421 202. મો.: **098929 50814** |
| **ભરત જવેરચંદ લખમશી ધરમશી**<br>(PS 3472) ગામ – કોઠારા | R.No. 12,, ૨જે માળે, ગંગાનિવાસ, સાઉથ ઈન્ડીયન હાઈસ્કુલની સામે, કોપર ક્રોસ રોડ, ડોંબીવલી (વેસ્ટ). MH 421 202. મો.: **097732 65453 / 099308 60259** |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૪-૨૦ | પવઈ | અદ્વૈત સ્વાતિ જીત કાન્તી વિશનજી દંડ | દલતુંગી | પુત્ર |
| ૨૫-૦૮-૨૦ | વાપી | નમન જલ્પા કેવલ કિશોર નાગડા | નલીયા | પુત્ર |
| ૨૯-૦૮-૨૦ | ખામગામ | જીવિકા નેહા વિનિત લોડાયા | કોઠારા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૮-૨૦ | હૈદ્રાબાદ | રોમિલ દિલીપ પદમશી મોતા | કુઆપધર | ૨૮ |
| | મસુર | રૂચિરા નિતીન રાયચંદ ધરમશી | કોઠારા | ૨૬ |
| ૨૯-૦૮-૨૦ | ડોંબીવલી | કેવલ શૈલેષ ગોવીંદજી ધરમશી | સાંયરા | - |
| | માલેગામ | મેઘના હરીશ ખીમજી મોમાયા | સાંયરા | - |
| ૦૧-૦૯-૨૦ | ખામગામ | આનંદ નયનભાઈ કેશવજી નાગડા | તેરા | ૨૮ |
| | આદીપુર | નિરાલી મહેશ ખીમજીભાઈ લાલકા | વારાપધર | ૨૭ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૮-૨૦ | કેન્ટકી-US | ભાવિક નિમેષ રસિકલાલ ગાંધી | તળાજા | - |
| | હુબલી | ઝીલ કેતન મણિલાલ મહેશ્વરી (મૈશેરી) | સાંયરા | |

### છૂટા-છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૨-૨૦ | ડોંબીવલી | મીતલ નીતિન ધરમશી | રંગપુર | ૨૪ |
| | ડોંબીવલી | સ્મિત સુનિલ સાવલા | બેરાજા | ૨૮ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૯-૨૦ | નિમચ | નવીનચંદ ટોકરશી મોતા | સુથરી | ૮૧ |
| ૦૩-૦૯-૨૦ | હુબલી | કલ્પના પ્રફુલ તેજપાર મોતા | તેરા | ૬૫ |
| ૦૪-૦૯-૨૦ | ડોંબીવલી | જીતેન્દ્ર ચીમનલાલ ધરમશી | મંજલ | ૬૫ |
| ૦૫-૦૯-૨૦ | પૂના | રાયચંદ રતનશી નાગડા | નલિયા | ૭૮ |
| ૦૫-૦૯-૨૦ | ઘાટકોપર | હિના ગીરીશ વાલજી ખોના | સાંધવ | ૬૩ |
| ૦૫-૦૯-૨૦ | લોનાવલા | નિર્મલા મુકેશ મોમાયા | વરાડીયા | ૫૩ |
| ૦૬-૦૯-૨૦ | મુલુંડ | દિનેશ પદમશી લોડાયા (ચટાઇવાલા) | સાંયરા | ૭૧ |
| ૦૬-૦૯-૨૦ | ઘાટકોપર | હંસાબેન અરવિંદ ધુલ્લા (જૈન) | કોઠારા | ૮૦ |
| ૦૬-૦૯-૨૦ | વાપી | કિશોરભાઇ રતનશી મુનવર (જીવાણી) | જખૌ | ૬૯ |
| ૦૮-૦૯-૨૦ | સાંગલી | ભરત માણેકજી મોમાયા | વરાડીયા | ૭૦ |
| ૦૯-૦૯-૨૦ | ડોંબીવલી | જયશ્રી ગુણવંત ડાઘા (માલદે) | દલતુંગી | ૫૯ |
| ૧૧-૦૯-૨૦ | ધૂલીયા | વિનોદ નેણસી શામજી સોની | સાંયરા | ૫૫ |
| ૧૧-૦૯-૨૦ | કોચીન | કિર્તીકુમાર માણેકજી લોડાયા | સાંયરા | ૬૦ |
| ૧૨-૦૯-૨૦ | વિલેપાર્લે | લક્ષ્મીચંદ રતનશી ખોના | સુથરી | ૮૮ |
| ૧૨-૦૯-૨૦ | અંધેરી | પૂષ્પાબેન ડુંગરશી લાલકા | લાલા | ૮૪ |
| ૧૩-૦૯-૨૦ | જામનગર | વિજય ભવાનજી ખોના | મોટી ખાવડી | ૫૪ |
| ૧૪-૦૯-૨૦ | ઇંદોર | સુમનલાલ શામજી વિકમશી | પરજાઉ | ૭૯ |
| ૧૪-૦૯-૨૦ | ડોંબીવલી | ચંપાબાઇ ચંદુલાલ લોડાયા (મંજલીયા) | સુથરી | ૮૧ |
| ૧૪-૦૯-૨૦ | ઘાટકોપર | મણીબેન પ્રફુલચંદ્ર મોતા | સાંધવ | ૬૧ |
| ૧૫-૦૯-૨૦ | મુલુંડ | લક્ષ્મીચંદ કુંવરજી શિયાલ | જખૌ | ૮૦ |
| ૧૫-૦૯-૨૦ | ડોંબીવલી | જેઠાલાલ ભાણજી દેવજી દંડ | સાંધવ | ૭૯ |
| ૧૫-૦૯-૨૦ | આદિપૂર | અનિલ ચંદ્રકાન્ત લોડાયા | સુથરી | ૪૭ |
| ૧૫-૦૯-૨૦ | વડોદરા | મણિકાન્ત કુલિનકાન્ત લોડાયા | નલીયા | ૬૬ |

## અંતિમ સમયે આવો સુયોગ સૌને સાંપડજો

ધુલિયા (મહારાષ્ટ્ર)માં શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘમાં રાષ્ટ્ર સંત, ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પુ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન આગમ દિવાકર પ.પૂ.આ.ભ. શ્રીમહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૩ ચાતુર્માસ બિરાજમાન છે. આ સંઘમાં વર્ષો સુધી ટ્રસ્ટી તરીકે સેવા આપનાર તથા પારોલા તીર્થમાં પણ સક્રિય ટ્રસ્ટી તરીકે સેવા આપી રહેલા કચ્છ સાંયરાના સુશ્રાવક શ્રી ગોવિંદજી ભાઈ સોનીના નાના ભાઈ વિનોદભાઈ સોની છેલ્લા ત્રણ વર્ષોથી બ્રેઇન ટ્યુમરથી પીડિત હતા. તેમની સ્થિતિ વધુ નાજુક જણાતાં ગોવિંદજી ભાઈ પરમ પૂજ્ય આચાર્ય ભગવંતને વિનંતિ કરીને પોતાના ઘરે લઇ ગયા હતા.




આચાર્ય ભગવંતે તેમના મસ્તકે વાસક્ષેપ પૂર્વક ૪૫ મિનિટ સુધી સતત હાથ રાખીને ખૂબ જ ભાવપૂર્વક અંતિમ નિર્યામણા કરાવ્યા હતા. જેનું વિનોદભાઈએ ખુલ્લી આંખે ખૂબ જ ભાવપૂર્વક શ્રવણ કર્યું હતું. સાંજે ૬.૩૦ વાગ્યે મ.સા. ઉપાશ્રયે પાછા પધાર્યા હતા અને થોડી જ વારમાં ૬.૪૫ વાગ્યે તેમને સમાચાર મળ્યા કે વિનોદભાઈએ ખૂબ જ સમતા અને સમાધિપૂર્વક વિદાય લીધી છે.

॥ જય જીરાવલ્લા ॥ ॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥ ॥ જય શામળીયા ॥

# છઠ્ઠી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી

# સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન (ધરમશી)



માતૃભૂમિ : કોઠારા - કચ્છ
કર્મભૂમિ : મુલુંડ - મુંબઇ

**અવતરણ**
વિ.સં. ૨૦૦૨, વૈશાખ વદ ૨
બુધવાર, તા. ૨૯-૫-૧૯૪૬
નલીયા - કચ્છ.

**મોક્ષગતિ :**
વિ. ૨૦૭૦ ભાદરવા સુદ ૫,
શનિવાર, તા. ૩૦-૮-૨૦૧૪
તેરા-કચ્છ.

સુખથી છલકાયા નહીં, દુ:ખથી ડગ્યા નહીં, કષ્ટો સહન કરી આપે કર્યું અમારૂ જીવન ઘડતર,
આપની છત્રછાયામાં થયું અમારા વ્યક્તિત્વનું ચણતર, આપના થકી જ થયું અમારામાં સુસંસ્કારોનું સિંચન,
તેથી જ અમારૂ જીવન બન્યું એક સુંદર નંદનવન
એમના સૌમ્યશીલ આત્મા પ્રતિ આદર વંદના

: લી :

માતુશ્રી ચંદનબાઇ દામજી કાનજી ધરમશી પરિવાર - કોઠારા
માતુશ્રી જમકુબાઇ મેઘજી દેવશી દંડ પરિવાર - કોઠારા
સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન - કોઠારા

હિના - જયેશ જૈન
બિજલ - લોકેશ જૈન
કરણ - પ્રફ્રેશ જૈન
લક્ષિત પ્રફ્રેશ જૈન
હીના - પ્રફ્રેશ જૈન
પ્રિયા જયેશ જૈન
જુગલ જયેશ જૈન
સૌમ્ય લોકેશ જૈન

EXIM LOGISTICS SOLUTIONS we help you globalize
shantijin प्रसन्नता...सर्वदा
Smt. Bhartiben Bhagchand Damji Jain Charitable Trust
૨૦૧, મેરેથોન મેક્ઝીમા, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૦. ફોન : ૦૨૨-૬૬૮૦૦૮૦૦. Email : jayesh@exim.ws
Mayur Prints - Piyush Dharamshi # 93239 88783

# મિચ્છામિ દુક્કડમ્



## R R નાગડા

એમણે અંતિમ સમયે
સમસ્ત જ્ઞાતિજનોને યાદ કરી
અંતઃકરણ પૂર્વક ખમાવ્યા છે
અને ખાસ કીધું છે કે
**"મેડે સમતાથી રોજા"**

# શ્રધ્ધાંજલિ સુમન



**શ્રી રાયચંદભાઈ રતનશી નાગડા**

જ્ઞાતિપત્ર "પ્રકાશ સમીક્ષા"ના ભુતપૂર્વ તંત્રીશ્રી **રાયચંદ રતનશી નાગડા**ના અચાનક દેહવિલયથી સમાજને અને જ્ઞાતિપત્રને ક્યારેય ન પૂરાય એવી ખોટ પડી છે. સત્કાર્યો દ્વારા જીવનને સફળ બનાવી અન્યો માટે પ્રેરણારૂપ બની, સેવાભાવી વ્યક્તિત્વની સુવાસ છોડી જનારા, સમાજની દિવાદાંડી, જ્ઞાતિપત્રના રાહબર અને "પ્રકાશ સમીક્ષા"ના પ્રકાશપુંજ બની જનારા, વિરલ વ્યક્તિત્વ ધરાવનારા **શ્રી રાયચંદભાઇ નાગડા (R.R.)** ના દિવંગત આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે અને શોકગ્રસ્ત પરિવારને આ દુઃખ ઝીરવી લેવાની શક્તિ આપે એજ પ્રભુ પ્રાર્થના. સંવેદનાપૂર્ણ અશ્રુભરી આંખે ભાવભરી શ્રધ્ધાંજલિ.

લી.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, સાંઘવ**
**શ્રી શામજી નરશી દંડ (પ્રમુખશ્રી)**

# શ્રધ્ધાંજલિ



## શા. વિનોદ નેણશી સોની

(સાંયરા - ધુલિયા)

એક દીકરો વાલો મારો પાછો ગયો
એનું જીવનદીપ ઓલવાઇ ગયો...

માતાપીતાનો કુળ દીવો બબો, સાંયરા ગામનો સિતારો,
ધુલીયાની ધુળમાં રમતો તું. બેની બાંધવનો ચાગલો વીરો,
સુની વાટડી સુની હાટડી, સુનો સુનો સોની પરીવાર બન્યો.
એનું જીવનદીપ

હર્ષા દીકરી તણો શણગાર ઝુંટાયો, નીરવ નયનનો તાત રીસાણો,
નવલપ્રભાનો સ્થંભ ગણું, સખાસંગીનો જોડીદાર ચાહતો થયો,
ક્યાં ખોવાણો રમતો ભમતો, અજાણ્યા પંથે તું હાલતો થયો.
એનું જીવનદીપ

આચાર્યશ્રી ભગવંતની અસીમ કૃપા, વિનોદ પર વરસી રહી,
અબોલા લીધા અણસણ કીધા, મોહ માયાને દીધાં ત્યાગી,
જૈન ધર્મનો અનુરાગી બની, આજે "સમાધી મરણ" પામી ગયો.
એનું જીવનદીપ

આસું સુકાણાં સૌની આંખે, નવકાર મંત્રના જાપ જપતાં,
'હીમ'ના અહો ભાગ્ય જાગ્યાં, ભક્તિ રંગે રંગમય બનતાં,
પુનીત આત્માને શાંતી હોજો, વીનંતડી મારી સ્વીકારી લેજો.
એનું જીવનદીપ

- રચિયિતા : શ્રીમતી હીરાવંતી મણીલાલ લોડાયા (ધુલીયા-આરીખાણા)

# શ્રધ્ધાંજલિ



## શા. વિનોદ નેણશી સોની

(સાંયરા - ધુલિયા)
જન્મ : તા. ૩/૦૫/૧૯૬૫
અરિહંત શરણ : તા. ૧૧/૦૯/૨૦૨૦

એક દીકરો વાલો મારો પાછો ગયો
એનું જીવનદીપ ઓલવાઈ ગયો
માતા પિતાનો કુળદીવો બબો, સાયરા ગામનો સિતારો
ધુલિયાની ધૂળમાં રમતો તું
બેની બાંધવનો ચાગલો વીરો
સુની વાટડી સુની હાટડી સુનો સુનો સોની પરિવાર બન્યો.

## સોની પરિવાર

# સ્મરણાંજલિ



**શ્રી તિલોકચંદ નરશી દંડ**

(ઉ.વ. ૭૬)
(ગામ : વરાડીયા - હાલ : મલકાપુર)
અરિહંત શરણ : તા. ૧૭/૦૯/૨૦૨૦

વડીલ શ્રી તિલોકચંદ શેઠના અવસાનથી અમારા વરાડીયા ગામને તથા મહાજનને કદી ન પુરાય એવી ખોટ પડી છે. અઢી મહિનામાં માતુશ્રી ગંગાબાઈ નરશી દંડ પરીવારે ચાર ચાર કુટુંબીજનોને ગુમાવ્યા. શ્રી તિલોકચંદ શેઠના નેજા હેઠળ આ પરીવારે વરાડીયા માટે અનહદ સુકૃત્યો કર્યા છે. જેમાં માતુશ્રી ખીંયસરબાઈ જેઠાભાઈ જેવત દંડ અતિથિ ગૃહ (મુખ્ય દાતા), શ્રી વરાડીયા જિનાલયનો સન ૨૦૦૩માં ભવ્યાતિભવ્ય મહોત્સવ, સન ૨૦૦૧ના ધરતીકંપ બાદ વરાડીયા જિનાલયને થયેલ નુકશાની માટે સત્વરે જિર્ણોધ્ધાર તથા દર વરસે પર્યુષણમાં એક દિવસ માટે સાધર્મિક ભક્તિ વગેરેનો સમાવેશ છે.

પરમ કૃપાળુ પરમાત્મા એમનાં આત્માને મોક્ષગામી બનાવે તથા તેમના સમસ્ત સર્વે પરીવારજનોને અસહ્ય આઘાત સહન કરવાની શક્તિ આપે એજ અભ્યર્થના.

લી.

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ટ્રસ્ટ ફંડ**

તથા

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – વરાડીયા**

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## શ્રી તિલોકચંદ નરશી દંડ (ઉ.વ. ૭૬)

(ગામ : વરાડીયા - હાલ : મલકાપુર)
અરિહંત શરણ : તા. ૧૭/૦૯/૨૦૨૦

શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી તિલોકચંદ નરશીભાઈ દંડના અરિહંત શરણથી વરાડીયા ગામ સહિત સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતીજનોને ખુબ જ ખોટ પડી છે. જ્ઞાતિની ઘણી બધી સંસ્થાઓ સાથે તેઓ ઉચ્ચ સ્થાને સંકળયેલા હતા અને તે બધી સંસ્થાઓને ઉચીત માર્ગદર્શન પુરૂં પાડી રહ્યા હતા.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને મોક્ષગામી બનાવે તથા એમના સમસ્ત પરિવારજનોને અસહ્ય આઘાત સહન કરવાની શકિત આપે એજ અભ્યર્થના.

લી.

**માતુશ્રી માંકબાઇ લધાભાઈ મણશી મોમાયા પરીવાર, વરાડીયા વતી**
**શ્રી જયંતીલાલ લધાભાઈ મોમાયા - બેંગ્લોર, શ્રી અમૃતલાલ લધાભાઈ મોમાયા - મુંબઈ**

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



## શ્રી કિશોર વેરશી ધુલ્લા

ગામ : ભરૂડીયા

જન્મ : તા. ૦૯/૦૯/૧૯૪૭

દેહવિલય : તા. ૨૦/૦૯/૨૦૧૯



**માતુશ્રી શાંતાબાઈ વેરશી ધુલ્લા ના પુત્ર**
**માતુશ્રી લીલાવંતી જેઠાભાઈ મોમાયા ના જમાઈ**

ચંદન શું જીવન જીવીને સુખ સહુને આપી ગયા,
ખુદ ઘસાઈ અમ કાજે સૌરભ થઈ પ્રસરી ગયા.
જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહીં,
વિદાય એવી લીધી કે કદી ભુલી શકાય નહીં.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે જેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

**શ્રધ્ધા સુમન અર્પણ કરનાર**

ધર્મપત્ની : **પુષ્પા કિશોર ધુલ્લા**
ભાઈ-ભાભી : **દમયંતીબેન ઝવેરચંદભાઈ ધુલ્લા**
બેન-બનેવી : **કાંતાબેન સતીશભાઈ લોડાયા**
પુત્ર અને પુત્રવધુ : **જતીન - કેજલ, ધર્મેન - કાજલ**
પૌત્રી : **તાન્યા**
પૌત્ર : **અર્ચિત**
વેવાઈ : **લુઠીયા પરિવાર** (કોઈમ્બતુર) અને **શાહ પરિવાર** (પૂના)

**તેમજ સમસ્ત ધુલ્લા પરિવાર અને મોમાયા પરિવાર**

---

॥ મુલુંડ તીર્થમંડન શ્રી વાસુપૂજ્યસ્વામી - શ્રી સુમતિનાથ - શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામિને નમઃ ॥

# શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

શ્રી વાસુપૂજ્ય જિનાલય, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૭ ૧૧૭૦



## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

## શ્રી દિનેશભાઈ પદમશી લોડાયા

(સાંચરા - મુલુંડ)

દેહવિલય : રવિવાર, તા. ૬-૯-૨૦૨૦

શ્રી સંઘમાં ઘણાંય વર્ષોથી મેનેજરના પદે રહી
શ્રી સંઘનો કાર્યભાર સુપેરે નિષ્ઠાપૂર્વક નિભાવનાર...
સહુ પ્રત્યે મૈત્રીપૂર્ણ સૌજન્યતા પુર્ણ વ્યવહાર કરનાર...
મુઠ્ઠી ઊંચેરા સ્વજન આત્માને પરમાત્મા આપે
શાશ્વત સુખ અને શાંતિ
એ જ સમસ્ત શ્રી સંઘની પ્રાર્થના...

લિ. : ટ્રસ્ટીઓ, અધિકારીઓ તથા કારોબારીગણ

દેવાધીદેવ શાંતિનાથ દાદાની અસીમકૃપા, યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. નાં મંગળકારી આશિષ સુરીત્ર્યની કૃપા

## શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મુર્તિપૂજક જૈન શ્રીસંઘ



જિનશાસન શિરોમણી, તપસ્વી રત્ન, તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર, અચલગચ્છનાયક,
સાહિત્ય દિવાકર, પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાનુવર્તી
સરળ સ્વભાવી, પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના. સંસારી લઘુભ્રાતા

**જ્યોતિષાચાર્ય, મંત્રવિશારદ, પ્રખર પ્રવચનકાર**

## પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ને

# ભાવભરી શ્રદ્ધાંજલિ

શાસનના શણગાર,
ગુણોના ભંડાર, અણમોલ અણગાર,
ઓ ગુરૂદેવ... આપ અનંત ગુણોના ભંડાર હતા,
આપની મધુરવાણી જીવનને પાવન કરનારી હતી.
આપની અપ્રતિમ સંયમ નિષ્ઠા અનેકો માટે પ્રેરણાદાયી હતી,
આપનો પ્રેમ, વાત્સલ્ય, લાગણી, સદ્ભાવ અનેક રીતે વિરલ હતો....
એવા ગુરૂદેવ આપને અમારી અગણિત વંદના....

શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મુર્તિપૂજક જૈન શ્રીસંઘ વતી કારોબારી કમેટી અને ટ્રસ્ટ બોર્ડ

---

# શા. વિનોદ નેણશી સોની (સાંયરા) ધુલીયા

જન્મ : તા. ૩/૫/૧૯૬૫ અરિહંત શરણ : તા. ૧૧/૯/૨૦૨૦



સૌ પ્રત્યે સ્નેહભર્યા સંબંધો જાણવનારા,
વાત્સલ્ય ભાવે સંસારીક ફરજો બજાવનાર,
સંતાનોનું સુસંસ્કારી જીવન ઘડતર કરનારા,
ધર્માનુરાગી-જીવદયાપ્રેમી-પરોપકારી એવા પરિવારના
વાત્સલ્યમૂર્તિનો અમે સદેહે ગુમાવ્યો છે સ્નેહ સંગાથ,
હે પ્રભુ! દિવંગતશ્રીના
આત્માને આપજો પરમ શાંતિ સાથે મોક્ષપદ
એ જ અંતરભીની પ્રાર્થના અમારી...

# ભાવભરી શ્રદ્ધાંજલી

**માતુશ્રી કુવરબાઈ નેણશી શામજી સોની પરિવાર (સાંયરા) ધુલિયા**
**માતુશ્રી જયાબેન નવિનચંદ લિલાધર મોમાયા પરિવાર (સાંયરા) ઘાટકોપર**

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# कोमल हृदय - दयालु - अजातशत्रु - महामानव







## श्री तिलोकचंद नरशी जेठाभाई दंड

हमारे वडील श्री तिलोकचंदभाई नरशी दंड, मलकापुर महाराष्ट्र ने आज प्रभु के श्री चरणों में शरण ली । उनका आर्शीवाद मार्गदर्शन अब कौन देगा? यह क्षति हमारे परिवार के लिए अत्यंत दुःखद गहरा सदमा देनें वाली है । उनसे हमारी हिम्मत थी । यह दुःख सिर्फ परिवार ही नहीं पूरे KDO एवं जैन समाज के लिए बहुत बड़ी क्षति है । जैन समाज ने, KDO ने अपना एक हितैषी संरक्षक खो दिया । विशेषकर महाराष्ट्र जैन समाज को अपूर्णीय आर्शीवाद देनें वाला आज नहीं रहा । साधु-साध्वीयों की चिंता करने वाला एक वृक्ष ऐसे चले जाएगा, किसी ने नहीं सोचा था । मलकापुर ही नहीं पूरे महाराष्ट्र से कोई भी अपनी निजी समस्या लेकर चला जाये, वह हल लेकर खुश होकर ही वहां से वापस जाता था उनके घर के दरवाजे सदैव सब के लिये 24 x 365 खुले रहते थे । क्या छोटा क्या बड़ा, क्या अमीर क्या गरीब, सब के प्रति समभाव ही उनका बड़प्पन था । 'अतिथि देवो भव' को उनकी चौखट पर चरितार्थ होते देखा है, ऐसी ओजस्विता बिरलों में देखने सुनने मिलती है । KDO एवं जैन समाज ने अपना एक अनमोल रत्न खो दिया । मैं इस वटवृक्ष को, जिसने सबको छांव दी, पूरी श्रद्धा से नमन करता हूँ, प्रणाम करता हूं, ईश्वर से पुनः विनम्र करबद्ध प्रार्थना करता हूं, हे ईश्वर इसका पूरा ख्याल रखना जिसने ज़िंदगी भर हम सबका ख्याल रखा । इस दुःख की घड़ी में हम पूरे दंड परिवार के दुःख में सहभागी हैं । हमारे पास शब्द नहीं है आगे कुछ कहने को।

-: भावविभोर :-



**प्रवीण मैशेरी**
**लक्ष्मीबेन माणेकजी देवजी मैशेरी परिवार**
**महावीर ट्रेडिंग कं. - रायपुर**



If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.